
# આત્મધર્મ

માસિક : વર્ષ-૯ * અંક-૧૨ * ઓગસ્ટ, ૨૦૧૫



## આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ યહ બડે આશ્ચર્યકી બાત હૈ થોડે હી પ્રયત્નસે શુદ્ધ ભાવોંકે દ્વારા ઔર સંત પુરુષોંકે દ્વારા સમભાવ પ્રાપ્ત કર લિયા જાતા હૈ. ૧૪૯૪.

*(શ્રી કુલધર આચાર્ય, સાર સમુચ્ચય, શ્લોક-૭૧)*

✻ યદિ ઈસ દુર્ગંધસે ભરે હુએ તથા મલિન શરીરસે સુખકો કરનેવાલી સ્વર્ગ ઔર મોક્ષકી સંપત્તિયેં પ્રાપ્ત કી જાતી હૈં તબ ક્યા હાનિ હોતી હૈ! યદિ નિંદનીય નિર્માલ્યકે દ્વારા સુખદાઈ રત્ન મિલ જાવે તબ જગતકી મર્યાદાકો જાનનેવાલે કિસ પુરુષસે લાભ ન માના જાયગા? ૧૪૯૫.

*(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૮)*

✻ હિંસાદિ પાંચ અવ્રતોને છોડીને અહિંસાદિ વ્રતોમાં નિષ્ઠાવાન રહેવું અર્થાત્ તેનું દ્રઢતાથી પાલન કરવું, પછી આત્માના પરમ વીતરાગ પદને પ્રાપ્ત કરીને તે વ્રતોને પણ ત્યજવાં. ૧૪૯૬. *(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૮૪)*

✻ કર્મમાં (કર્મકાંડમાં) જ્ઞાનનું પ્રકાશવું નહિ હોવાથી સઘળાંય કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી કેવળ (એક) જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માટે જ્ઞાનશૂન્ય ઘણાંયે જીવો, પુષ્કળ (ઘણાં પ્રકારના) કર્મ કરવાથી પણ આ જ્ઞાનપદને પામતા નથી અને આ જ્ઞાનપદને નહિ પામતા થકા તેઓ કર્મોથી મુક્ત થતા નથી, માટે કર્મથી મુક્ત થવા ઈચ્છનારે કેવળ (એક) જ્ઞાનના આલંબનથી, નિયત જ એવું આ એક પદ પ્રાપ્ત કરવા યોગ્ય છે. ૧૪૯૭.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૨૦૫)*

✻ જો કઠિનતાસે નાશ કરને યોગ્ય બડે કઠોર કર્મરૂપી પર્વતોંકો ચૂર્ણ કરનેમેં કિસીસે હટાયા ન જા સકે ઐસા વજ્ર હૈ, જો કઠિનતાસે પાર હોને યોગ્ય ઐસે સંસાર સમુદ્રસે પાર લે જાનેમેં સર્વ જીવોંકે લિયે એકરૂપ સામાન્ય જહાજ હૈ, જો સર્વ શરીરધારી પ્રાણીયોંકી રક્ષા કરનેમેં પિતાકે સમાન સદા માના ગયા હૈ વહ સર્વજ્ઞ ભગવાનસે કહા હુઆ ધર્મ હમેં સંસારસે હંમેશા રક્ષિત કરે, ૧૪૯૮.

*(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૩)*

✻ જો કરનેકૂ સમર્થ હૂજે સો તૌ કીજિયે, બહુરિ જો કરનેકૂં નહિ સમર્થ હૂજિયે સો શ્રદ્ધિયે, જાતૈ કેવલી ભગવાનને શ્રદ્ધાન કરનેવાલૈકૌં સમ્યક્ત્વ કહ્યા હૈ. ૧૪૯૯. *(શ્રી કુંદકુંદાચાર્ય, દર્શનપાહુડ, ગાથા-૨૨)*

વર્ષ–૯
અંક–૧૨




વિ. સંવત
૨૦૭૧
August
A.D. 2015



# સિદ્ધના લક્ષે શરૂ થતો સાધકભાવ



(શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સોળમી વખતના પ્રવચને)

સિદ્ધ ભગવંતો આ શુદ્ધઆત્માના પ્રતિચ્છંદના સ્થાને છે સિદ્ધ ભગવાનની સામે શ્રદ્ધાનો ટંકાર કરતાં તેમાંથી શુદ્ધાત્માના પડઘા ઊઠે છે. 'હું સિદ્ધ...તું સિદ્ધ' ત્યાં સામેથી પડઘા ઊઠે છે કે 'હું સિદ્ધ...તું સિદ્ધ.'—આમ સિદ્ધનું સ્વરૂપ લક્ષમાં લેતાં પોતાના આત્માનું શુદ્ધસ્વરૂપ લક્ષમાં આવે છે. શુદ્ધાત્માને લક્ષમાં લીધા વગર સિદ્ધનું ધ્યાન થતું નથી. સિદ્ધ જેવો થઈને સિદ્ધનું ધ્યાન થાય છે. સિદ્ધ જેવા શુદ્ધસ્વરૂપનું ધ્યાન કરતાં કરતાં અંદરથી નિર્મળ નિર્મળ પર્યાયો નીકળવા જ માંડે છે, ને આત્મા પોતે સિદ્ધ થઈ જાય છે. 'ણમો સિદ્ધાણં'નું આવું ફળ છે. આ મહાન મંગળ છે. સમયસારના મંગળમાં સિદ્ધભગવાનનું વાસ્તુ આત્મામાં કર્યું...સિદ્ધ ભગવાન જેવા મોટા અનંતા મહેમાનોને બોલાવીને જ્ઞાનમાં બિરાજમાન કર્યા. તે જ્ઞાન હવે રાગવાળું ન રહી શકે, જે જ્ઞાનમાં અનંત સિદ્ધને બેસાડ્યા તે જ્ઞાન તો શુદ્ધાત્મસ્વભાવ તરફ ઢળીને નિર્વિકલ્પ થઈ જાય, એવા અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ સહિતનું આ અપૂર્વ મંગલાચરણ છે.

સિદ્ધભગવંતોને નમસ્કાર તે સાધકભાવ છે. સિદ્ધદશા તે સાધ્યરૂપ છે, તે તરફ ઝુકેલો ભાવ તે સાધકભાવ છે. અથ એટલે કે હવે, આવા સાધકભાવના પરમ મંગળપૂર્વક આ સમયસાર શરૂ થાય છે. અનાદિથી જે ન હતો એવો અપૂર્વ આરાધકભાવ પ્રગટ કરીને હું મારા આત્મામાં સર્વે સિદ્ધભગવંતોને સ્થાપું છું. અનાદિથી

ન પરોક્ષ કંઈ પણ સર્વતઃ સર્વાક્ષગુણસમૃદ્ધને,
ઇન્દ્રિય-અતીત સદૈવ ને સ્વયમેવ જ્ઞાન થયેલને. ૨૨.　　–શ્રી પ્રવચનસાર

વિભાવમાં હતો તેને દૂર કરીને, સ્વભાવભાવ પ્રગટ કરું છું. વિભાવથી જુદો ને સિદ્ધની સ્થાપનારૂપ આ આરાધકભાવ તે સમયારનું અપૂર્વ મંગળ છે.

સિદ્ધભગવાનની ભાવસ્તુતિ સ્વસન્મુખતા વડે થાય છે, આ ભાવસ્તુતિમાં આત્મા પોતે જ આરાધ્ય-આરાધક છે. સિદ્ધની આ ભાવસ્તુતિ સમ્યગ્દષ્ટિ જ કરે છે. અજ્ઞાનીને સિદ્ધની કે સિદ્ધ જેવા પોતાના શુદ્ધ સ્વરૂપની ખબર નથી, તેથી તેને આવી ભાવસ્તુતિ હોતી નથી.

હું શુદ્ધાત્મસ્વરૂપને પામેલા સિદ્ધને વંદન કરું છું–સિદ્ધની સ્તુતિ કરું છું, એટલે સિદ્ધસમાન શુદ્ધસ્વરૂપને સાધ્યરૂપે સ્વીકારું છું, સિદ્ધમાં ને મારી પર્યાયમાં જે ભેદ હોય તેને શુદ્ધદષ્ટિના બળે કાઢી નાંખું છું ને સિદ્ધ જેવા શુદ્ધસ્વરૂપે મારા આત્માને ધ્યાવું છું. આ રીતે, પોતાના આત્માને સિદ્ધપણે સ્થાપીને, સિદ્ધ સમાન પોતાના શુદ્ધ આત્માના ચિંતનથી ભવ્યજીવ પોતે સિદ્ધ થઈ જાય છે. જેને પોતાના આત્મામાં સિદ્ધને વસાવ્યા તે સિદ્ધપદનો સાધક થયો, 'સિદ્ધસમાન સદા પદ મેરો' એવો અનુભવ કરવો તે વીર થઈને વીરના માર્ગે ચાલ્યો....તેની પર્યાયનું પરિણમન સિદ્ધપદ તરફ ઢળ્યું—આનું નામ સિદ્ધને નમસ્કાર, આનું નામ સાધકભાવની શરૂઆત, ને આનું નામ અપૂર્વ મંગળ.

સિદ્ધભગવંતોને નમસ્કારરૂપ અપૂર્વ મંગળ કરીને આચાર્યદેવ બહુમાનથી કહે છે કે અહો! હું આ સમયસાર કહું છું,–કેવળી અને શ્રુતકેવળી ભગવંતોએ કહેલા સમયસારને હું કહું છું. અનાદિથી જગતમાં કેવળી ભગવંતો થતા આવ્યા છે ને વાણી દ્વારા શુદ્ધાત્માનું સ્વરૂપ કહેતા આવ્યા છે, ત્રિકાળજ્ઞ કેવળી ભગવંતોનો ત્રણકાળમાં કદી વિરહ નથી એવા કેવળી ભગવંતોની જ પરંપરા મને મળી છે તે અનુસાર હું આ સમયસારમાં કહીશ. ભલે, કેવળી ભગવંતોએ કહ્યું પણ અત્યારે તો કહેનારા આચાર્યદેવ છે ને! એટલે આચાર્યદેવનો પોતાનો સ્વાનુભવ પણ ભેગો જ છે. કેવળી ભગવંતોએ જે કહ્યું તે ઝીલીને પોતે સ્વાનુભવ કર્યો છે, ને તે સ્વાનુભવરૂપ નિજવૈભવસહિત આ સમયસારમાં શુદ્ધ આત્મા દેખાડે છે. આ રીતે આચાર્યદેવનું કથન કેવળી અને શ્રુતકેવળી જેવું જ પ્રમાણ છે. એકલા શબ્દો તે પ્રમાણ નથી, કેમકે જ્ઞાતાપુરુષ વગર શબ્દોના સાચા અર્થને જાણશે કોણ? માટે કહે છે કે શબ્દોનું પરિણમન અનાદિ છે તેમ તેના અર્થને જાણનારા વીતરાગી જ્ઞાની પણ અનાદિથી થતા આવે છે, તેની સંધિનો પ્રવાહ કદી તૂટે

**જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ ભાખ્યું, જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે;**
**ને જ્ઞેય લોકાલોક, તેથી સર્વગત એ જ્ઞાન છે. ૨૩. –શ્રી પ્રવચનસાર**

નહીં. આ રીતે સૂત્રને જાણનારા જ્ઞાની પુરુષોની પરંપરા દ્વારા શાસ્ત્રની પ્રમાણતા છે. અનાદિ કેવળી પરંપરા સાથે શાસ્ત્રની સંધિ જોડીને આચાર્યદેવ પ્રમોદથી કહે છે કે અહો ! કેવળી અને શ્રુતકેવળી ભગવંતોની પરંપરાથી મળેલા એવા આ સમયસારને હું કહું છું, તેને હે શ્રોતાઓ ! અંતરમાં સિદ્ધપણું સ્થાપીને સાંભળો !—તેના શ્રવણથી મોહનો નાશ થઈ જશે ને પરમસુખનો અનુભવ થશે.

આચાર્યદેવ કહે છે કે ‘હું સમયસાર કહું છું, શુદ્ધાત્મા દેખાડું છું’—તે એમ સૂચવે છે કે સામે તેવા શુદ્ધાત્માની રુચિવાળા શ્રોતા પણ વિદ્યમાન છે; શુદ્ધાત્માનો અનુભવ કરી શકે એવી જીવની લાયકાત છે, તે દેખીને તેને શુદ્ધાત્માના અનુભવનો ઉપદેશ આપે છે. આમ નિમિત્ત-ઉપાદાનની એટલે વક્તા-શ્રોતાની સંધિપૂર્વક આ સમયસારની અલૌકિક રચના થઈ છે. અહો, કોઈ અદ્ભુત યોગે આ શાસ્ત્ર રચાયું છે. આચાર્યદેવે આ સમયસાર રચીને પંચમકાળના ભવ્યજીવોને માટે મોક્ષપંથ ટકાવી રાખ્યો છે. અને તેમાંય શરૂઆતથી જ આત્મામાં સિદ્ધોની સ્થાપનારૂપ અપૂર્વ મંગલાચરણ વડે શુદ્ધ સાધ્યના લક્ષે સાધકભાવ શરૂ કર્યો છે. હું સિદ્ધ—એટલે કે મારો આત્મા સિદ્ધ સમાન શુદ્ધ છે—એમ સિદ્ધપણાની હા પાડીને જે સાંભળવા ઊભો તેને સાધકભાવ શરૂ થઈ જ જાય,—એવા અપૂર્વભાવે સમયસારની શરૂઆત થાય છે.

આ રીતે અનંત સિદ્ધભગવંતોને આત્મામાં બોલાવીને આરાધકભાવની ઝણઝણાટી બોલાવતું અપૂર્વ મંગલાચરણ કર્યું.

‘जय समयसार’ ‘णमो सिद्धाणं’ (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૩ થી ચાલુ)

થાય. પ્રભુ પ્રગટ થાય પર્યાયમાં; ભગવાન આત્મા પ્રાપ્ત થાય જ, પર્યાયમાં જરૂર જણાઈ જાય. અહા આવી શરતો!

આ વચનામૃત-પુસ્તક હવે તો બધાને હાથમાં આવી ગયું છે. સમયસાર તો હતું; એમાં વળી ગુજરાતી સાદી ભાષામાં આ વાણી આવી, લોકોને ન્યાલ થવાની; ભાગ્ય જગતનાં! ગુજરાતી સાદી ભાષામાં છે પણ ભાવો ઘણા ઊંચા છે, ઊંડા છે; જે કોઈ વાંચે છે તે બે મોઢે વખાણ કરે છે. પુસ્તક વાંચતાં બહુ ન સમજાયું હોય તો આ એનો વિસ્તાર આવે છે. (ક્રમશઃ) ❊

**જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ નહિ—એ માન્યતા છે જેહને,**
**તેના મતે જીવ જ્ઞાનથી હીન કે અધિક અવશ્ય છે; ૨૪. –શ્રી પ્રવચનસાર**




# ઉપયોગનું લક્ષણ

(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૬-૪-૪૪, બુધવાર) (ગતાંકથી ચાલુ)



આત્મ વસ્તુમાં શરીર, મન, વાણી નહીં, રાગ–દ્વેષ થાય તે પણ વિકારમાં જાય છે તે રહિત એક સહજ જ્ઞાન કારણસ્વભાવજ્ઞાન ઉપયોગ ત્રિકાળ છે. જે કેવળજ્ઞાન પર્યાય ઉઘડી તે કાર્યસ્વભાવજ્ઞાન ઉપયોગ છે, અને તેનું (કેવળજ્ઞાન) કારણ દ્રવ્યમાં ત્રણેકાળ રહેલું છે તે કારણસ્વભાવજ્ઞાન ઉપયોગ છે; તે ઉપયોગ પરિણમનરૂપ છે–પણ પ્રગટરૂપ નથી; જો તે પરિણમન પ્રગટરૂપ હોય તો કાર્ય પ્રગટવાનું રહે ક્યાં?

ટીકામાં '**पारिणामिकभावस्थित**' એવો શબ્દ પડ્યો છે, પરમપારિણામિકભાવ છે તેની વાત નથી, તે તો દ્રવ્યરૂપ ત્રિકાળ છે, તેની પર્યાય નિરપેક્ષ, કારણરૂપ, ત્રિકાળ, ઉત્પાદ્‌વ્યયરૂપ પરિણમન રહિત, ઉપાધિ રહિત અંદર વર્તે છે તે પર્યાયની વાત ચાલે છે. કારણસ્વભાવરૂપભાવ અથવા ધ્રુવરૂપભાવ અથવા ત્રિકાળરૂપ ભાવ વર્તમાન વર્તી રહ્યો છે તે નિરપેક્ષ પર્યાય છે.

પદ્મપ્રભમલધારીદેવે અદ્‌ભુત ટીકા કરી છે, બધા ફડચા પાડીને ચોક્ખી વાત કરી છે. અંદર આત્મા વસ્તુ છે તે ત્રિકાળ છે, તેના ગુણો ત્રિકાળ છે, તેમાં ચૈતન્યગુણસાથે વર્તવાવાળા પરિણામના (ઉપયોગના) બે ભેદ છે–(૧) કાર્યરૂપ–કેવળજ્ઞાન અને (૨) કારણરૂપ–ત્રિકાળ છે. પરમ પારિણામિકભાવ જે ત્રિકાળ છે તેમાં રહેલો કારણરૂપ જ્ઞાનસ્વભાવરૂપ જ્ઞાનઉપયોગ ત્રિકાળ છે. વસ્તુના ગુણનો વર્તમાન ઉપયોગ છે તે ત્રિકાળી સ્વભાવરૂપ ઉપયોગ છે. અહીં તો વર્તમાન પરિણમનરૂપ ઉપયોગ તેના બે ભેદ–૧–પૂર્ણકાર્યરૂપ ઉપયોગ અને ૨–ગુણમાં વર્તમાન સ્વભાવરૂપ કારણ ઉપયોગ. તે કારણરૂપ ઉપયોગ વર્તમાનમાં ધ્રુવપણે છે, જો વર્તમાનમાં ધ્રુવપણે કારણ ન હોય તો વર્તમાન પ્રગટરૂપ પર્યાય ટકે કોના આધારે?

ગુણમાં હોય તે પર્યાયમાં આવે એમ તો બધા કહે છે, તે અવસ્થા વર્તમાનપૂરતી છે; વર્તમાનમાં કારણરૂપ ધ્રુવપર્યાય ન હોય તો વર્તમાનમાં કાર્યરૂપ પર્યાય પ્રગટ આવી

**જો હીન આત્મા હોય, નવ જાણે અચેતન જ્ઞાન એ,**
**ને અધિક જ્ઞાનથી હોય તો વણ જ્ઞાન ક્યમ જાણે અરે? ૨૫. –શ્રી પ્રવચનસાર**

શકે નહીં; જે પ્રગટ કાર્ય આવે છે તેનું વર્તમાન પ્રગટરૂપ કારણ અંદર એકરૂપ છે.

જ્ઞાનગુણ તે ત્રિકાળ છે, તેની પર્યાયમાં ભેદ પડે છે, જ્ઞાનની વર્તમાન પ્રગટ ઉત્પાદરૂપ પર્યાય છે તે કાર્યરૂપ જ્ઞાન છે અને વર્તમાન સ્વભાવિક ત્રિકાળ એકરૂપ છે તે કારણરૂપ જ્ઞાન છે.

કેવળજ્ઞાનના કારણરૂપ, પરમ પારિણામિક ભાવમાં સ્થિત, ત્રણેકાળે ઉપાધિરહિત અર્થાત્ વિભાવ રહિત એવું જે આત્માનું સહજ જ્ઞાન અથવા સ્વરૂપરૂપજ્ઞાન તે કારણસ્વભાવજ્ઞાન છે. કેવળજ્ઞાનરૂપી કાર્ય તો વર્તમાન, પણ પારિણામિક ભાવમાં સ્થિત જ્ઞાનગુણનો વર્તમાનરૂપ ધ્રુવઉપયોગ તે પણ વર્તમાન છે.

કેવળજ્ઞાન તો પુરુષાર્થથી નવું પ્રગટે છે, પણ તે કેવળજ્ઞાનની પર્યાય પ્રગટવાના કારણરૂપ વર્તમાનમાં એકરૂપ અખંડ ઉપયોગ ન હોય તો વર્તમાન પ્રગટરૂપ પર્યાયમાં આવે નહીં. ગુણમાંથી પર્યાય આવે એ વાત અહીં નથી લેવી; વર્તમાન ધ્રુવપર્યાય કારણસ્વભાવજ્ઞાનોપયોગરૂપ એકરૂપ પર્યાય છે તેમાંથી કાર્યરૂપ પર્યાય પ્રગટે છે; કેવળજ્ઞાનના કારણરૂપ ધ્રુવર્તમાનઉપયોગ છે, તે અનાદિઅનંત એકરૂપ છે, તે વર્તમાન વર્તે છે છતાં તેમાં પરિણમન નથી. અહીં ગુણની ત્રિકાળ એકરૂપ નિરૂપાધિક પર્યાયની વાત છે. (પંદરમી ગાથામાં વસ્તુની એકરૂપ ધ્રુવ ત્રિકાળી પર્યાયની વાત આવશે.) જ્ઞાન ગુણની નિરૂપાધિક અનાદિઅનંત એકરૂપ ધ્રુવપર્યાયની વાત છે, તે કૂટસ્થ છે, તે ધ્રુવરૂપ કાયમ છે, તે વર્તમાન—વર્તમાન છે—પણ તેનું પ્રગટરૂપ પરિણમન નથી, તેમાંથી જે (કેવળજ્ઞાન વગેરે) પર્યાય પ્રગટે છે તે તેનું પરિણમન છે. જ્ઞાનગુણ ત્રિકાળ છે, તેની એકરૂપ ધ્રુવ નિરૂપાધિક પર્યાય તે પણ ત્રિકાળ એકરૂપ છે, તેમાંથી મતિ—શ્રુત કે કેવળ પર્યાય પ્રગટ થાય છે.

જીવ દ્રવ્યમાં અનંત ગુણ છે, તેમાંથી એક જ્ઞાનગુણ પણ આવો છે, તે જ્ઞાનગુણના ભેદોનું વર્ણન ચાલે છે. આ દ્રવ્યના વર્તમાનવર્તતા પરિણામની વાત છે. ચૈતન્યઅનુવિધાયીપરિણામની વાત ચાલે છે, ચૈતન્યને અનુસરીને વર્તવાવાળા પરિણામની વાત ચાલે છે; આ વાત બીજે ક્યાંય મળવી મુશ્કેલ છે, અંતરની વાત છે.

એક સમયરૂપનો જ્ઞાનગુણનો ઉપયોગ, ત્રિકાળ એકરૂપ ધ્રુવ બધા જીવોમાં (નિગોદમાં પણ) વર્તે છે, તેમાંથી કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટે છે. જ્ઞાનના

**છે સર્વગત જિનવર અને સૌ અર્થ જિનવરપ્રાપ્ત છે,**
**જિન જ્ઞાનમય ને સર્વ અર્થો વિષય જિનના હોઈને. ૨૬. –શ્રી પ્રવચનસાર**

સ્વભાવઉપયોગના કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટે છે. જ્ઞાનના સ્વભાવઉપયોગના બે પ્રકાર છે. એક તો કાર્યરૂપ અને બીજો જ્ઞાનગુણની સાથે ધ્રુવ–ત્રિકાળ એકરૂપ કારણસ્વભાવજ્ઞાન ઉપયોગ છે; તે પર્યાય કહેવાય છતાં તેનો ભોગવટો નથી. જો તેનો ભોગવટો હોય તો (તે પર્યાય અનાદિ અનંત એકરૂપ છે તેથી) મોક્ષ પણ ત્રિકાળ હોય, પણ તે પર્યાયનો ભોગવટો નથી, ભોગવટો તો પ્રગટરૂપ પર્યાયનો હોય છે.

કેવળજ્ઞાન પ્રગટ્યું છે ત્યાં ઉપયોગ ક્યાં છે? ખરેખર તે અખંડ થઈ ગયું છતાં તેના કારણરૂપ એકરૂપ ધ્રુવ ત્રિકાળ વર્તમાનમાં છે તેને પણ ઉપયોગ તરીકે લીધેલ છે. તે (કારણસ્વભાવજ્ઞાનઉપયોગ) વર્તમાનમાં ન હોય તો કાર્યસ્વભાવજ્ઞાનરૂપ પર્યાય વર્તમાન ટકી શકે નહીં, તેથી કાર્યસ્વભાવજ્ઞાનના કારણરૂપ કારણસ્વભાવજ્ઞાનોપયોગ એકરૂપ ધ્રુવ ત્રિકાળ વર્તમાનમાં એકરૂપ છે.

કારણરૂપ સ્વભાવજ્ઞાન એકરૂપ અંદર પડ્યું છે, તે દ્વારા કાર્યસ્વભાવજ્ઞાન (કેવળજ્ઞાન) પ્રગટે છે. આ વાત બહુ ઝીણી છે, એટલે જલ્દી ન પકડાય તો પણ ધ્યાન રાખીને સાંભળવું. તેનું વિશેષ–વિશેષરૂપ હવે પછી કહેવાશે. (ક્રમશઃ)

## અવિરતસમ્યગ્દષ્ટિનું પરિણમન

અવિરતસમ્યગ્દૃષ્ટિને પણ અજ્ઞાનમય રાગ દ્વેષ મોહ હોતા નથી. મિથ્યાત્વ સહિત રાગાદિક હોય તે જ અજ્ઞાનના પક્ષમાં ગણાય છે, સમ્યક્ત્વ સહિત રાગાદિક અજ્ઞાનના પક્ષમાં નથી. સમ્યગ્દષ્ટિને નિરંતર જ્ઞાનમય પરિણમન જ હોય છે. તેને ચારિત્રમોહના ઉદયની બળજોરીથી જે રાગાદિક થાય છે તેનું સ્વામીપણું તેને નથી; તે રાગાદિકને રોગ સમાન જાણીને પ્રવર્તે છે અને પોતાની શક્તિ અનુસાર તેમને કાપતો જાય છે. માટે જ્ઞાનીને જે રાગાદિક હોય છે તે વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવા છે; તેઓ આગામી સામાન્ય સંસારનો બંધ કરતા નથી, માત્ર અલ્પ સ્થિતિ–અનુભાગવાળો બંધ કરે છે. આવા અલ્પ બંધને અહીં ગણવામાં આવ્યો નથી.

(સમયસાર આસ્રવ અધિકાર, ગા. ૧૬૬નો ભાવાર્થ)

**છે જ્ઞાન આત્મા જિનમતે; આત્મા વિના નહિ જ્ઞાન છે,**
**તે કારણે છે જ્ઞાન જીવ, જીવ જ્ઞાન છે વા અન્ય છે. ૨૭. –શ્રી પ્રવચનસાર**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**कस्स वि णत्थि कलत्तं अहव कलत्तं पुत्तसंपत्ती ।**
**अह तेसिं संपत्ती तह वि सरोओ हवे देहो ।।५१।।**

**અર્થ :—**કોઈ મનુષ્યને તો સ્ત્રી નથી, કોઈને જો સ્ત્રી હોય તો પુત્રની પ્રાપ્તિ નથી તથા કોઈને પુત્રની પ્રાપ્તિ છે તો શરીર રોગસહિત છે. ૫૧.

અરે જીવ! બહારના સંયોગમાં બધો મેળ નહિ ખાય; સંયોગની ભાવના કરીને તું મફતનો તારા સ્વભાવ સાથેનો મેળ તોડી નાખે છે!! કોઈ જીવને એકનો એક પુત્ર હોય ને પરણવા વખતે માંડવામાં જ મરી જાય!! કોઈને સ્ત્રી હોય તો પુત્ર ન હોય! કોઈને પુત્ર હોય તો પૈસા ન હોય, કોઈને પુત્ર વગેરે હોય પણ શરીર રોગી હોય ઈત્યાદિ પ્રકારે સંસારમાં 'ત્રણ સંધાય ત્યાં તેર તૂટે છે.' માટે ધર્મી જીવોએ સંસારનો એક પણ ભવ આદરવા જેવો નથી, અંદર ચિદાનંદસ્વભાવના વૈભવનું ભાન કરીને તેનો જ આદર અને ભાવના કરવા જેવી છે.

આત્મા દેહથી ભિન્ન તત્ત્વ છે, તે આત્માએ સુખી થવા માટે શું કરવું? તેની આ વાત છે. આત્મા અનાદિ અનંત ચીજ છે, તે કદી નવો થયેલો નથી; અનાદિથી પોતે પોતાના સ્વભાવને ભૂલીને આ સંસારમાં પરિભ્રમણ કરે છે. પોતે ચૈતન્યસ્વભાવમય વસ્તુ છે; જો પોતાને પોતાના સ્વભાવની કિંમત થાય તો સંયોગી ચીજમાં પોતાનું સુખ ન માને. હું આત્મા છું ને મારી શાંતિ મારામાં છે. સંયોગી ચીજો તો મારે માટે નિરર્થક છે, તે બહારની ચીજમાંથી તો પોતામાં કાંઈ આવતું નથી, પણ પોતાના સ્વભાવને અનાદિકાળથી એક સેકંડ પણ જાણ્યો નથી તેથી શરીરમાં—સ્ત્રીમાં—લક્ષ્મીમાં વગેરેમાં સુખની કલ્પના કરી છે. પણ પોતાનું સુખ બહારમાં કદી હોય નહિ. તેનું અજ્ઞાનીને ભાન નથી. ચૈતન્યને મૂકીને અજ્ઞાની જીવ પરમાં સુખ-દુઃખની કલ્પના કરે છે, તે કલ્પના આત્માનું વાસ્તવિક સ્વરૂપ નથી, તે કલ્પના કાઢી નાખો તો આત્માનો સહજ જ્ઞાનસ્વભાવ એકલો રહી જાય છે. તે સ્વભાવમાં સુખ છે. સ્વભાવને ભૂલીને જીવ અનાદિકાળથી મિથ્યાત્વને લીધે ચાર ગતિમાં જે ભ્રમણ કરી રહ્યો છે તેનું નામ સંસાર છે. ધર્મી જીવ

**છે 'જ્ઞાની' જ્ઞાનસ્વભાવ, અર્થો જ્ઞેયરૂપ છે 'જ્ઞાની'ના,**
**જ્યમ રૂપ છે નેત્રો તણાં, નહિ વર્તતા અન્યોન્યમાં. ૨૮. –શ્રી પ્રવચનસાર**

જાણે છે કે મારા જ્ઞાન-આનંદ સ્વભાવમાં જ મારું સુખ છે. આત્મા કાયમ રહેનારો છે, ને શરીરના સંયોગ તો નવા-નવા બદલાયા કરે છે, તે શરીરમાં મારું સુખ નથી—આવા ભાનપૂર્વક ધર્મી જીવ સંસારભાવના ભાવે છે, તેનું આ વર્ણન છે.

જગતના બધા જીવો સુખને ઈચ્છે છે, પણ સુખનો ઉપાય ઈચ્છતા નથી અને દુઃખને ઈચ્છતા નથી, પરંતુ દુઃખના ઉપાયમાં-મિથ્યાત્વાદિમાં નિરંતર લાગ્યા રહે છે. સુખનો ઉપાય તો આત્માની સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્ર થવું તે જ છે, તેને બદલે અજ્ઞાની જીવ બાહ્ય પદાર્થ મેળવીને તેનાથી સુખી થવા માગે છે પણ બહારના પદાર્થની ઈચ્છા તે જ દુઃખ છે. જે સુખી હોય તે પરને મેળવવા કેમ ઈચ્છે ? માટે જેને ચૈતન્યનું ભાન નથી ને સંયોગમાં સુખ માની રહ્યા છે તેવા જીવોને સંસારમાં ક્યાંય સુખ નથી. આત્માના જ્ઞાનાનંદસ્વભાવ સિવાય પરમાં ક્યાંય પણ સુખ છે એવો અભિપ્રાય ધર્મીને હોતો નથી.

સંસારમાં અજ્ઞાની જીવોએ સંયોગમાં સુખ કલ્પ્યું છે, પણ તેને સંયોગ પણ ઈચ્છા પ્રમાણે પૂરા મળતા નથી, તે વાત ચાલે છે.

અહોહો !! મુનિરાજે એકલું માખણ ભર્યું છે.

અહીં ત્યાગધર્મની મુખ્યતા બતાવે છે. ત્યાગ એટલે વિકલ્પોનો પરભાવોનો ત્યાગ. જે કોઈ ધર્માત્મા શુભાશુભ રાગાદિ પરભાવોનો ત્યાગ કરી પોતાને પોતા વડે જાણે તે કેવળજ્ઞાનરૂપી પ્રકાશ પ્રાપ્ત કરી ભવાતાપનો નાશ કરે છે.

જેણે ધર્મ કરવો છે તેણે સૌ પ્રથમ તો કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુની શ્રદ્ધા છોડવી જોઈએ. રાગ-દ્વેષવાળા દેવો, પરિગ્રહધારી આત્મજ્ઞાન રહિત કુજ્ઞાની ગુરુ તથા ખોટા શાસ્ત્રોની મહિમા અને ભક્તિ છોડવી જોઈએ તથા હિંસા, જૂઠું, ચોરી, શિકાર, પરસ્ત્રીસેવન, વેશ્યા, જુગાર આ સાત પ્રકારના વ્યસનનો પણ ત્યાગ કરવો જોઈએ. અન્યાય કાર્યો પ્રત્યે ગ્લાનિ હોવી જોઈએ. આ રીતે કુદેવાદિની શ્રદ્ધા વગેરેનો ત્યાગ કરી વીતરાગ પરમદેવ, નિર્ગ્રંથગુરુ તથા અનેકાંત વસ્તુને બતાવનારા શાસ્ત્રોની શ્રદ્ધા કરવી જોઈએ, ભક્તિ કરવી જોઈએ, મનન કરવું જોઈએ. સત્ દેવ-શાસ્ત્ર-ગુરુની સાચી શ્રદ્ધા કરે અને આત્માની ઓળખાણ કરે ત્યારે અનંતાનુબંધી કર્મ તથા મિથ્યાત્વનો નાશ થાય અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો લાભ થાય. સ્વરૂપને ઓળખીને તેમાં સ્થિરતા થવી તે સમ્યક્ચારિત્ર છે.

**જ્ઞેયે પ્રવિષ્ટ ન, અણપ્રવિષ્ટ ન, જાણતો જગ સર્વને**
**નિત્યે અતીન્દ્રિય આતમા, જ્યમ નેત્ર જાણે રૂપને. ૨૯. –શ્રી પ્રવચનસાર**

સમ્યગ્દર્શન થતાં પરભાવ, મિથ્યાત્વ, અનંતાનુબંધી આદિનો નાશ થઈ સ્વરૂપની દૃષ્ટિ-જ્ઞાન ને રમણતા-સ્વરૂપમાં લીનતારૂપ સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થાય છે. આ રીતે સમ્યક્દર્શન થતાં ગ્રહણ ને ત્યાગ બંને થઈ જાય છે. નિત્યાનંદ સ્વભાવી નિજ આત્માનું ધ્યાન કરતાં નિમિત્તના લક્ષે થતા પુણ્ય-પાપના અનિત્ય ભાવોનો નાશ થઈ જાય છે.

“હમ પરદેશી પંખી સાધુ આ રે દેશ કે નાહિજી,
આતમ અનુભવ કરીને અમે, ઉડી જાશું સિદ્ધ સ્વદેશજી.”

વિકલ્પનો દેશ તે અમારો નહિ. પુણ્ય-પાપના ભાવો આત્માના દેશમાં નથી. ભગવાન આત્મા તો અનંત આનંદનો દેશ છે, એ અમારો સ્વદેશ છે. તેમાં અમે જઈશું. જુઓ ! આ યોગીન્દ્રદેવ વન-જંગલમાં સિંહ-વાઘની ત્રાડોનું લક્ષ પણ છોડીને, નિજદેશમાં જઈને આ વાત લખે છે. અહો ! તારા સ્વરૂપમાં અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે. અનંતી સિદ્ધપર્યાયનો તું પિંડ છો. આવો નિજ ભગવાન જેના અનુભવમાં આવ્યો તેને મુનિરાજ કહે છે કે હવે તારે શું બાકી રહ્યું ? અનુભવ થતાં બધું જ મળી ગયું. સ્વદેશનો સ્વામી થઈ ગયો. પુણ્ય-પાપના ભાવને પોતાના માનનારો તો પરદેશી છે.

એક પોતાના પરમપારિણામિકભાવરૂપ જીવતત્ત્વસ્વરૂપ કારણપ્રભુમાં એકત્વ કરી અનુભવ કરવો તે સદાને માટે આનંદ અમૃતનું પાન કરાવનારો મોક્ષમાર્ગ છે. એ મોક્ષમાર્ગ પ્રગટ થયા પછી બહારમાં ગમે તેવા ઉપસર્ગો આવે, ઘાણીમાં પિલાય તે સમયે પણ અંતરમાં મુનિરાજ અતીન્દ્રિય આનંદમાં રમતા હોય છે. કોઈ વેરી દેવ સાધુને લવણસમુદ્રમાં નાખે ત્યાં મુનિરાજ શ્રેણી માંડી કેવળજ્ઞાન લઈ સિદ્ધદશાને પ્રાપ્ત થઈ જાય છે. માટે કહે છે કે એકવાર ચૈતન્યરત્નાકર ઉપર દૃષ્ટિ કરીને અનુભવ કર તો તને કેવું ફળ મળે ? અલ્પકાળમાં સિદ્ધ થઈને મુક્તિને પામીશ.

હવે આગળ ૬૪મી ગાથામાં મુનિરાજ કહેશે કે લોકાલોકને પ્રકાશનારા એવા નિજ આત્માને જે અનુભવે છે, તેને કેવળજ્ઞાન લેવાની તૈયારી થઈ ગઈ છે. એવા ધર્મી આત્માઓ ધન્ય-ધન્ય છે. અમે મુનિઓ પણ એવા મોક્ષમાર્ગી સાધકોને ધન્ય-ધન્ય કહીએ છીએ.

**જ્યમ દૂધમાં સ્થિત ઇન્દ્રનીલમણિ સ્વકીય પ્રભા વડે**
**દૂધને વિષે વ્યાપી રહે, ત્યમ જ્ઞાન પણ અર્થો વિષે. ૩૦. –શ્રી પ્રવચનસાર**



# અરિહંતદેવનો સાચો સેવક કેવો હોય છે?

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, ભાદરવા સુદ ૨, રવિવાર)

અહીં પચીસ દોષનો ત્યાગ 'વિચારપૂર્વક' કરવાનું કહ્યું છે. કુળપદ્ધતિથી ત્યાગ હોય તે નહિ, પણ સમજીને વિચારપૂર્વક ટાળવાની વાત છે. પ્રથમ સાચા દેવ-ગુરુની ઓળખાણ કરીને તેમની ભક્તિ, પૂજા, પ્રભાવના કરે, તેમને માટે તન-મન-ધન વગેરે બધુંય ખર્ચે ત્યારે તો તે અરિહંતદેવનો વ્યવહારે ભક્ત કહેવાય ને તેને સ્થૂળ મિથ્યાત્વ છૂટ્યું કહેવાય, પણ અંદર સૂક્ષ્મ મિથ્યાત્વ હજી પડ્યું છે.

લક્ષ્મી ખરચતાં ખૂટે નહીં, પણ પુણ્ય ખૂટે તો લક્ષ્મી ખૂટ્યા વગર રહે જ નહીં. ખરચવાથી લક્ષ્મી ખૂટી જશે એમ માનનારને પુણ્યની પણ શ્રદ્ધા નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને તેમને માટે તન-મન-ધનનો હર્ષપૂર્વક ઉપયોગ કરે ત્યારે તો હજી વ્યવહારે ભગવાનનો ભક્ત થયો, પ્રશસ્ત શુભરાગ થયો; તેને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું અને હવે અંતર સ્વભાવની તાકાત વડે શુભરાગનો પણ નકાર કરે કે આ રાગ મારું સ્વરૂપ નહિ—એમ શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા કરે તો તેને પરમાર્થ સમકિત થાય, અનાદિનું અગૃહીત મિથ્યાત્વ છૂટે અને તે ખરેખર ભગવાનનો ભક્ત થયો, તે જ જૈન છે.

પ્રશ્ન :—તન, મન અને ધન ખર્ચવાનું કહો છો તો તેમાંથી ત્રીજું 'ધન' કાઢીને તન અને મન ખર્ચીએ તો ૬૬ ટકા લાભ થાયને?

ઉત્તર :—એક ટકો પણ લાભ ન થાય. ઘરના છોકરાં માટે કેમ બધું કરો છો? 'પાંચ લાખની મૂડી છે તે તને દેવાના ભાવ છે પરંતુ એક પાઈ પણ તને દેવી હરામ છે' એમ છોકરાને વાત કરે તો તે ન પાલવે. તેમ અહીં જેને દેવ-ગુરુની સાચી ભક્તિ છે તે તો દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના, ભક્તિ વગેરે પ્રસંગો આવતા હર્ષથી ઊછળીને કહે કે અનંત કાળે મારા મનને આંગણે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન પધાર્યા છે, મારા ભગવાન માટે હું સર્વસ્વ આપી દેવાનો છું; આવી વાત તો એકવાર લાવ! સાચા દેવ-ગુરુનો સંયોગ મળવો અનંતકાળે દુર્લભ છે. અહમેન્દ્રપદ, રાજપદ વગેરે અનંતવાર મળે

**નવ હોય અર્થો જ્ઞાનમાં, તો જ્ઞાન સૌ-ગત પણ નહીં,**
**ને સર્વગત છે જ્ઞાન તો ક્યમ જ્ઞાનસ્થિત અર્થો નહીં? ૩૧. –શ્રી પ્રવચનસાર**

પણ સાચા દેવ-ગુરુની પ્રાપ્તિ દુર્લભ છે.

આ ધર્મ અપૂર્વ છે, આ જ કરવા જેવું છે. બધું મૂકી દઈને સાચા દેવ-ગુરુ-ધર્મને શરણે એકવાર અર્પાઈ જા! ભગવાનના ભક્ત હોય તે લક્ષ્મીનો અમુક ભાગ તો સુદેવ, સુગુરુ અને સુધર્મ માટે જરૂર દાનમાં કાઢે. સારામાં સારા ભક્ત હોય તો ચોથો ભાગ દાનમાં કાઢે, મધ્યમ હોય તો છઠ્ઠો ભાગ કાઢે અને હલકામાં હલકા હોય તો છેવટે દશમો ભાગ તો જરૂર દાનમાં વાપરે. સંસારમાં છોકરાં ખાતર કેમ સંઘરી રાખે છે? તો જેને દેવ-ગુરુ-ધર્મની સાચી રુચિ થઈ છે તેને તન-મન-ધન ખર્ચવાનો ઉલ્લાસ આવ્યા વગર રહે જ નહીં.

ભાઈ રે! તારે આ ઉત્તમ મનુષ્યપણું લેખે લગાડવું છે ને! તારે મનુષ્યપણું સફળ કરવું હોય તો સાચા દેવ-ગુરુ-ધર્મને ઓળખી તેમની શ્રદ્ધા કર. તેમની ભક્તિ, પ્રભાવના વગેરેમાં તન, મન, ધન, જ્ઞાન, વગેરે લગાવ. સંસારમાં જેમ કોઈ મહેમાન ઘરે આવ્યા હોય તો તેની કેટલી સગવડ સાચવે છે! તેમ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન અને પરમ ગુરુ માટે તને ભક્તિ ન આવે, તેમનું બહુમાન કેમ કરવું વગેરેનો વિચાર ન આવે તો તને દેવ-ગુરુ-ધર્મની સાચી પ્રીતિ નથી.

પ્રશ્ન :—સાહેબ! આપે કહ્યું છે કે પરદ્રવ્યનું પરિણમન આત્માને આધીન નથી, તો તેનું કેમ?

ઉત્તર :—પરનું પરિણમન આત્માને આધીન નથી એ વાત સાચી. જો તને પર સંબંધી ભાવ જ ન થતા હોય તો તો બરાબર છે, પણ હજી તું વીતરાગ થઈ ગયો નથી કે તને કોઈ શુભાશુભભાવ જ ન આવે! તને સ્ત્રી, પુત્ર સંબંધી અશુભરાગ આવે છે તથા વિષય-કષાયના અશુભભાવ પણ આવે છે, અને જ્યાં દેવ-ગુરુ-ધર્મ તરફના શુભભાવની વાત આવે ત્યાં તું કહે છે કે પરદ્રવ્યનું પરિણમન આત્માને આધીન નથી, તો શુભ-અશુભનો વિવેક કરતાં પણ તને નથી આવડતો. અને જો શુભ-અશુભનો વિવેક કરતાં પણ નથી આવડતો તો પછી શુભ અને અશુભ બન્ને રહિત આત્માના સ્વભાવની ઓળખાણ કરીશ ક્યાંથી?

‘જ્ઞાનીઓ કહે છે કે શુભરાગથી ધર્મ ન થાય એટલે અમને દેવ-ગુરુની ભક્તિનો ઉલ્લાસ નથી આવતો’ એમ કોઈ કહે અને સ્ત્રી, પુત્ર, લક્ષ્મી વગેરેના અશુભરાગમાં

પ્રભુકેવળી ન ગ્રહે, ન છોડે, પરરૂપે નવ પરિણમે;
દેખે અને જાણે નિઃશેષે સર્વતઃ તે સર્વને. ૩૨. –શ્રી પ્રવચનસાર

જોડાય તો તે જીવને નિમિત્તનો વિવેક કરતાં પણ આવડતો નથી. શુભરાગથી ધર્મ ન થાય એમ કહ્યું તેમાં શુભરાગ છોડીને અશુભરાગ કરવાનું તને કોણે કીધું? હજી નિમિત્તના વિવેકનું પણ ભાન નથી તે પોતાના ઉપાદાન સ્વરૂપને ઓળખશે શી રીતે?

ભગવાન અરિહંતદેવ, સદ્‌ગુરુ અને સત્‌શાસ્ત્ર એ સત્‌સ્વરૂપ સમજવાના નિમિત્તો છે. ભગવાન અરિહંતદેવના સાચા ભક્ત તન, મન, ધનથી સદ્‌ભાવરૂપ ભક્તિ વગેરેમાં પ્રવર્તે છે. પોતાની શક્તિ ન હોય અને કોઈ બીજો સાધર્મીબંધુ દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના વગેરે સત્‌કાર્યમાં પ્રવર્તતો હોય તો તેની ઈર્ષ્યા ન કરે પણ હોંશ આવે કે અહો! મારા વતી મારા સાધર્મી ભાઈ દેવ-ગુરુના કાર્યો કરે છે તેને ધન્ય છે! એમ પોતે અનુમોદન આપે, પણ બીજાની ઈર્ષ્યા ન હોય. જો ઈર્ષ્યા આવે તો તેને દેવ-ગુરુ પ્રત્યેની સાચી ભક્તિ આવી નથી, અંદર ગૃહીત મિથ્યાત્વનું શલ્ય પડ્યું છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૨૧ થી ચાલુ)

ખૂબ યાદ રાખવું કે નયનું કથન અપેક્ષિત હોય છે અને ત્યારે જ તે સુનય કહેવાય છે, જો અપેક્ષારહિત કથન કરવામાં આવે તો તે નય નથી, કુનય છે.

ते सावविक्खा सुणया णिरविक्खा ते वि दुण्णया होंति।
सयलववहारसिद्धी सुणयादो होदि णियमेण।।

અર્થ :—આ નય પરસ્પર અપેક્ષા સહિત હોય ત્યારે તો સુનય છે અને તે જ જ્યારે અપેક્ષારહિત લેવામાં આવે ત્યારે દુર્નય છે. સુનયથી સર્વ વ્યવહારની સિદ્ધિ થાય છે.

અન્ય મતાવલંબી પણ જીવ પદાર્થના એક જ ધર્મ ઉપર દૃષ્ટિ રાખીને મસ્ત થઈ ગયા છે, તેથી જૈનમતમાં તેમને 'મતવાળા'[1] કહ્યા છે. આ અધિકારમાં ચૌદમતવાળાઓને સંબોધન કર્યું છે અને એમના માનેલા પ્રત્યેક ધર્મનું સમર્થન કરતાં સ્યાદ્વાદને પુષ્ટ કરેલ છે.

શ્રુતજ્ઞાનથી જાણે ખરે જ્ઞાયકસ્વભાવી આત્મને,
ઋષિઓ પ્રકાશક લોકના શ્રુતકેવળી તેને કહે. ૩૩. –શ્રી પ્રવચનસાર

# આત્મહિતના અભિલાષીનું પ્રથમ કર્તવ્ય

## તત્ત્વનિર્ણય

**આત્મહિત માટે પ્રથમમાં પ્રથમ સર્વજ્ઞનો નિર્ણય કરવો.**

હે જીવો ! તમારે જો પોતાનું ભલું કરવું છે તો સર્વ આત્મહિતનું મૂળ કારણ જે આપ્ત તેનો સાચા સ્વરૂપનો નિર્ણય કરી, જ્ઞાનમાં લાવો. કારણ કે સર્વે જીવોને સુખ પ્રિય છે, સુખ ભાવકર્મના નાશથી થાય છે, ભાવકર્મનો નાશ સમ્યક્ચારિત્રથી થાય છે, સમ્યક્ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક થાય છે, સમ્યગ્જ્ઞાન આગમથી થાય છે, આગમ કોઈ સર્વજ્ઞ વીતરાગ પુરુષની વાણીથી ઊપજે છે. માટે જે સત્પુરુષ છે તેમણે પોતાના કલ્યાણ અર્થે સર્વ સુખનું મૂળ કારણ જે આપ્ત—અર્હંત સર્વજ્ઞ પરમાત્મા તેમનો યુક્તિપૂર્વક સારી રીતે સર્વથી પ્રથમ નિર્ણય કરી આશ્રય લેવો યોગ્ય છે. હવે જેનો ઉપદેશ સાંભળીએ છીએ, જેના કહેલા માર્ગ ઉપર ચાલવા માગીએ છીએ, જેની સેવા, પૂજા, આસ્તિક્યતા, જાપ, સ્મરણ, સ્તોત્ર, નમસ્કાર અને ધ્યાન કરીએ છીએ એવા જે અર્હંત સર્વજ્ઞદેવ, તેમનું પ્રથમ પોતાના જ્ઞાનમાં સ્વરૂપ તો ભાસ્યું જ નથી તો તમે નિશ્ચય કર્યા વિના કોનું સેવન કરો છો ?

લોકમાં પણ આ પ્રમાણે છે કે અત્યંત નિષ્પ્રયોજન વાતનો પણ નિર્ણય કરી પ્રવર્તે છે, અને આત્મહિતના મૂળ આધારભૂત જે અર્હંતદેવ તેનો નિર્ણય કર્યા વિના જ તમે પ્રવર્તો છો, તો એ મોટું આશ્ચર્ય છે !

વળી, તમને નિર્ણય કરવાયોગ્ય જ્ઞાન પણ પ્રાપ્ત થયું છે માટે તમે આ અવસરને વૃથા ન ગુમાવો. આળસ આદિ છોડી, તેના નિર્ણયમાં પોતાને લગાવો કે જેથી તમને વસ્તુનું સ્વરૂપ, જીવાદિનું સ્વરૂપ, સ્વ-પરનું ભેદવિજ્ઞાન, આત્માનું સ્વરૂપ, હેય-ઉપાદેય અને શુભ-અશુભ-શુદ્ધ અવસ્થારૂપ પોતાના પદ-અપદનું સ્વરૂપ—એ બધાનું સર્વ પ્રકારથી યથાર્થ જ્ઞાન થાય. માટે સર્વ મનોરથ સિદ્ધ કરવાનો ઉપાય જે અર્હંત-સર્વજ્ઞનું યથાર્થ જ્ઞાન, તે જે પ્રકારથી સિદ્ધ થાય તે પ્રથમ કરવા યોગ્ય છે. સર્વથી પ્રથમ અર્હંત સર્વજ્ઞનો નિર્ણય કરવારૂપ કાર્ય કરવું એ શ્રીગુરુની મૂળ શિક્ષા છે.

**સાચું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને હોય છે.**

પોતપોતાના પ્રકરણમાં પોતપોતાના જ્ઞેય સંબંધી સાચા જાણપણાનું અલ્પ વા

**પુદ્ગલસ્વરૂપ વચનોથી જિન-ઉપદિષ્ટ જે તે સૂત્ર છે,**
**છે જ્ઞપ્તિ તેની જ્ઞાન, તેને સૂત્રની જ્ઞપ્તિ કહે. ૩૪.** **—શ્રી પ્રવચનસાર**

વિશેષજ્ઞાન સર્વને હોય છે, કારણ કે લૌકિક કાર્ય તો બધાય જીવો યથાર્થ જ કરે છે, તેથી લૌકિક સમ્યગ્જ્ઞાન તો સર્વ જીવોને થોડું વા ઘણું બની જ રહ્યું છે. પણ મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જે આપ્ત-આગમ આદિ પદાર્થો તેનું સાચું જ્ઞાન સમ્યગ્દષ્ટિને જ હોય છે, તથા સર્વ જ્ઞેયનું જ્ઞાન કેવળી ભગવાનને જ હોય છે, એમ જાણવું.

**જિનમતની આજ્ઞા**

કોઈ કહે છે કે :—સર્વજ્ઞની સત્તા (હયાતી)નો નિશ્ચય અમારાથી ન થયો તો શું થયું ? એ દેવ તો સાચા છે ને ? માટે પૂજનાદિ કરવા અફળ થોડા જ જાય છે ? તેનો ઉત્તર :—જો તમારી કિંચિત્ મંદ કષાયરૂપ પરિણતિ થશે તો પુણ્યબંધ તો થશે; પરંતુ જિનમતમાં તો દેવ દર્શનથી આત્મદર્શનરૂપ ફળ થવું કહ્યું છે, તે તો નિયમથી સર્વજ્ઞની સત્તા જાણવાથી જ થશે, અન્ય પ્રકારથી નહિ થાય; એ જ શ્રી પ્રવચનસાર ગાથા ૮૦માં કહ્યું છે.

વળી, તમે લૌકિક કાર્યોમાં તો એવા ચતુર છો કે વસ્તુના સત્તા આદિ નિશ્ચય કર્યા વિના જરાય પ્રવર્તતા નથી; અને અહીં તમે સત્તાનો નિશ્ચય પણ ન કરતાં ઘેલા અનધ્યવસાયી (નિર્ણય વગરના) થઈ પ્રવર્તો છો, એ મોટું આશ્ચર્ય છે! શ્રી શ્લોકવાર્તિકમાં કહ્યું છે કે—જેની સત્તાનો જ નિશ્ચય નથી થયો તેનું પરીક્ષાવાળાએ કેવી રીતે સ્તવન કરવા યોગ્ય છે ? માટે તમે સર્વ કાર્યોની પહેલાં પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞની સત્તા સિદ્ધ કરો, એ જ ધર્મનું મૂળ છે તથા એ જ જિનમતની આમ્નાય છે.

**આત્મકલ્યાણના અભિલાષીને ભલામણ**

જેણે આત્મકલ્યાણ કરવું છે તેણે જિનવચનરૂપ આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરંપરા ગુરુનો ઉપદેશ તથા સ્વાનુભવ—એ દ્વારા પ્રમાણ, નય, નિક્ષેપ આદિ ઉપાયથી વચનનું સત્યપણું પોતાના જ્ઞાનમાં નિર્ણય કરીને પછી ગમ્યમાન થયેલાં સત્યરૂપ સાધનના બળથી ઉત્પન્ન થયેલું જે અનુમાન, તેનાથી સર્વજ્ઞની સત્તા સિદ્ધ કરી, તેનાં શ્રદ્ધાન, જ્ઞાન, દર્શન, પૂજન, ભક્તિ, સ્તોત્ર અને નમસ્કારાદિ કરવા યોગ્ય છે.

પોતાનું ભલું-બુરું થવું પોતાના પરિણામોથી થાય છે એમ જે માને છે અને તે રૂપે પોતે પ્રવર્તે છે તથા અશુદ્ધ કાર્યોને છોડે છે તે જિનદેવના સાચા સેવક છે.

જેણે જિનદેવના સાચા સેવક થવું હોય, વા જિનદેવે ઉપદેશેલા મોક્ષમાર્ગમાં પ્રવર્તવું હોય તેણે સર્વથી પહેલાં જિનદેવના સાચા સ્વરૂપનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરી તેનું શ્રદ્ધાન કરવું, એ કર્તવ્ય છે.

# ઔષધદાનનું વર્ણન

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

જુઓ, અહીં દાનમાં સામે સત્પાત્ર તરીકે મુખ્યપણે મુનિ લીધા છે, એટલે કે ધર્મના લક્ષપૂર્વકના દાનની આમાં મુખ્યતા છે. દાન કરનારની મીટ મોક્ષમાર્ગ ઉપર લાગી છે. શુદ્ધોપયોગ વડે કેવળજ્ઞાનના કપાટ ખોલી રહેલા મુનિવરો દેહ પ્રત્યે નિર્મમ હોય છે. પરંતુ શ્રાવકો ભક્તિપૂર્વક ધ્યાન રાખીને નિર્દોષ આહાર સાથે નિર્દોષ ઔષધ પણ આપે છે. મુનિને તો ચૈતન્યના મધદરિયામાંથી આનંદના મોજાં ઊછળ્યા છે. એને ઠંડી–ગરમીનું કે દેહની રક્ષાનું લક્ષ ક્યાં છે !

શ્રાવક મુનિ વગેરેને ઔષધદાન આપે–તે કહે છે—

(शार्दूलविक्रीडित)

स्वेच्छाहारविहारजल्पनतया नीरुग्वपुर्जायते
साधूनां तु न सा ततस्तदपटु प्रायेण संभाव्यते।
कुर्यादौषधपथ्यवारिभिरिदं चारित्रभारक्षमं
यत्तस्मादिह वर्तते प्रशमिनां धर्मो गृहस्थोत्तमात् ।।९।।

અર્થ :—શરીર ઇચ્છાનુસાર ભોજન, ગમન અને સંભાષણથી નીરોગ રહે છે. પરંતુ આ પ્રકારની ઇચ્છાનુસાર પ્રવૃત્તિ સાધુઓને સંભવ નથી. તેથી તેમનું શરીર ઘણું કરીને અસ્વસ્થ થઈ જાય છે. આવી દશામાં શ્રાવક તે શરીરને ઔષધ, પથ્ય ભોજન અને જળ દ્વારા વ્રત પરિપાલનને યોગ્ય કરે છે તેથી જ અહીં તે મુનિઓનો ધર્મ ઉત્તમ શ્રાવકના નિમિત્તે જ ચાલે છે. ૯.

ઇચ્છાઅનુસાર આહાર-વિહાર ને સંભાષણ વડે શરીર નીરોગ રહે છે, પરંતુ મુનિઓને તો ઇચ્છાનુસાર ભોજનાદિ હોતું નથી, તેથી તેમનું શરીર પ્રાયઃ અશક્ત જ રહે છે. પરંતુ ઉત્તમગૃહસ્થો યોગ્ય ઔષધ તથા પથ્ય ખોરાક-પાણી વડે મુનિઓના શરીરને ચારિત્રપાલન માટે સમર્થ બનાવે છે. એ રીતે મુનિધર્મની પ્રવૃત્તિ ઉત્તમ શ્રાવકો વડે થાય છે.—માટે ધર્મી ગૃહસ્થોએ આવા દાનધર્મનું પાલન કરવું.

**જે જાણતો તે જ્ઞાન, નહિ જીવ જ્ઞાનથી જ્ઞાયક બને;**
**પોતે પ્રણમતો જ્ઞાનરૂપ, ને જ્ઞાનસ્થિત સૌ અર્થ છે. ૩૫. –શ્રી પ્રવચનસાર**

જેઓ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ઉપરાંત શુદ્ધોપયોગ વડે કેવળજ્ઞાનના કપાટ ખોલી રહ્યા છે એવા મુનિરાજ દેહથી પણ અત્યંત ઉદાસીન હોય છે, તેઓ વન-જંગલમાં રહે છે, ઠંડીમાં ઓઢવાનું કે ગરમીમાં સ્નાન કરવાનું તેમને હોતું નથી, રોગાદિ થાય તો ઔષધ પણ લેતા નથી. દિવસમાં એક વખત નિર્દોષ આહાર લ્યે, તેમાં કોઈ વાર ઠંડો આહાર મળે, કોઈ વાર ભર–ઉનાળામાં ગરમ આહાર મળે, એમ ઈચ્છાનુસાર આહાર તેમને નથી, એટલે મુનિને ઘણીવાર રોગ–નિર્બળતા વગેરે થાય છે; પરંતુ એવા પ્રસંગે ધર્માત્મા ઉત્તમ–શ્રાવકો મુનિનું ધ્યાન રાખે છે, તેમને રોગ વગેરે થયો હોય તો તે જાણીને, આહાર વખતે આહારની સાથે નિર્દોષ ઔષધિ પણ આપે છે, તથા ઋતુઅનુસાર યોગ્ય આહાર આપે છે. એમ ભક્તિપૂર્વક શ્રાવકો મુનિનું ધ્યાન રાખે છે. અહીં ઉત્કૃષ્ટપણે મુનિની વાત લીધી છે. આથી એમ ન સમજવું કે મુનિ સિવાયના બીજા જીવોને આહાર કે ઔષધદાન દેવાનો નિષેધ છે. શ્રાવક બીજા જીવોને પણ તેમની ભૂમિકાને યોગ્ય આદરથી કે કરુણાબુદ્ધિથી યોગ્ય દાન આપે. પણ ધર્મપ્રસંગની મુખ્યતા છે, ત્યાં ધર્માત્માને દેખતાં વિશેષ ઉલ્લાસ આવે છે. મુનિ તે ઉત્તમ પાત્ર છે તેથી તેની મુખ્યતા છે.

અહા, મુનિદશા શું છે–તેની જગતને ખબર નથી. નાનકડા રાજકુમાર હોય ને મુનિ થઈને ચૈતન્યને સાધતા હોય, ચૈતન્યના અતીન્દ્રિય આનંદનું પ્રચૂર સ્વસંવેદન જેને પ્રગટ્યું હોય, એવા મુનિ દેહથી તો અત્યંત ઉદાસીન છે—

સર્વ ભાવથી ઔદાસિન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.

ગમે તેવી ઠંડી હોય પણ દેહ સિવાય બીજો પરિગ્રહ જેને નથી; બાહ્યદ્રષ્ટિવાળા જીવોને લાગે કે આવા મુનિ બહુ દુઃખી હશે. અરે ભાઈ, એના અંતરમાં તો આનંદના ઊભરા વહે છે,–કે જે આનંદની કલ્પનાય તને નથી આવી શકતી. ચૈતન્યના એ આનંદની હૂંફમાં ઠંડી-ગરમીનું લક્ષ જ ક્યાં છે ? જેમ મધ્યબિંદુથી દરિયો ઊછળે તેમ ચૈતન્યના અંતરના મધ્યમાંથી મુનિને આનંદના મોજાં ઊછળ્યા છે. આવા મુનિને રોગાદિ થાય તો ભક્તિપૂર્વક ધ્યાન રાખીને ઉત્તમ ગૃહસ્થો પથ્ય આહારની સાથે યોગ્ય ઔષધિ પણ આપે છે.—આનું નામ સાધુની વૈયાવૃત્ય છે; તે ગુરુભક્તિનો એક પ્રકાર છે. શ્રાવકના કર્તવ્યમાં પહેલાં દેવપૂજા કહી ને બીજી ગુરુઉપાસના કહી, તેમાં આવા

**છે જ્ઞાન તેથી જીવ, જ્ઞેય ત્રિધા કહેલું દ્રવ્ય છે;**
**એ દ્રવ્ય પર ને આતમા, પરિણામસંયુત જેહ છે. ૩૬. –શ્રી પ્રવચનસાર**

પ્રકારના ભાવ શ્રાવકને હોય છે. મુનિ પોતે તો બોલે નહિ કે મને આવો રોગ થયો છે માટે આવો ખોરાક કે આવી દવા આપો, પણ ભક્તિવાળા શ્રાવકો એનું ધ્યાન રાખે છે.

જુઓ, આમાં એકલા શુભરાગની વાત નથી પણ સર્વજ્ઞની શ્રદ્ધા અને સમ્યગ્દર્શન કેવાં હોય તે પહેલાં બતાવી ગયા છે, એવી શ્રદ્ધાપૂર્વકના શ્રાવકધર્મની આ વાત છે. જ્યાં શ્રદ્ધા જ સાચી ન હોય ને કુદેવ-કુગુરુનું સેવન હોય ત્યાં તો શ્રાવકધર્મ હોતો નથી.

શ્રાવકને મુનિ વગેરે ધર્માત્મા પ્રત્યે કેવો પ્રેમ હોય છે તે અહીં બતાવવું છે. જેમ પોતાના શરીરમાં રોગાદિ થતાં દવા કરવાનો રાગ થાય છે, તો મુનિ વગેરે ધર્માત્મા પ્રત્યે પણ ધર્મીને વાત્સલ્યથી ઔષધિદાનનો ભાવ આવે છે. વહાલા પુત્રને રોગાદિ થતાં તેનું કેવું ધ્યાન રાખે છે! તો ધર્મીને તો સૌથી વહાલા ધર્માત્મા છે, તેના પ્રત્યે તેને આહારદાન–ઔષધદાન–શાસ્ત્રદાન વગેરેનો ભાવ આવ્યા વગર રહેતો નથી. અહીં કાંઈ દવાથી શરીર સારું રહે કે શરીરથી ધર્મ ટકે–એ સિદ્ધાંત નથી સ્થાપવો, પણ ધર્મીને રાગનો પ્રકાર કેવો હોય છે તે બતાવવું છે. જેને ધર્મ કરતાં સંસાર તરફનો પ્રેમ વધી જાય તે ધર્મી શેનો? સંસારમાં જીવો સ્ત્રી–પુત્ર વગેરેની વર્ષગાંઠ, લગ્નપ્રસંગ વગેરેના બહાને રાગના મલાવા કરે છે,–ત્યાં તો અશુભભાવ છે, છતાં મલાવા કરે છે, તો ધર્મનો જેને રંગ છે તે ધર્મી જીવ ભગવાનના જન્મકલ્યાણક, મોક્ષકલ્યાણક, કોઈ યાત્રાપ્રસંગ, ભક્તિપ્રસંગ, જ્ઞાનપ્રસંગ–વગેરે બહાને ધર્મનો ઉત્સાહ વ્યક્ત કરે છે. શુભના અનેક પ્રકારોમાં ઔષધદાનનો પણ પ્રકાર શ્રાવકને હોય છે,—તેની વાત કરી. હવે ત્રીજું જ્ઞાનદાન છે તેનું વર્ણન કરે છે.

*

હે શ્રાવક!

આ ભવદુઃખ તને વહાલા ન લાગતા હોય ને સ્વભાવસુખનો અનુભવ તું ચાહતો હો, તો તારા ધ્યેયની દિશા પલટાવી નાંખ; જગતથી ઉદાસ થઈ અંતરમાં ચૈતન્યને ધ્યાવતાં તને પરમાનંદ પ્રગટશે ને ભવની વેલડી ક્ષણમાં તૂટી જશે. આનંદકારી પરમ-આરાધ્ય ચૈતન્યદેવ તારામાં જ બિરાજી રહ્યો છે.

**તે દ્રવ્યના સદ્‌ભૂત-અસદ્‌ભૂત પર્યયો સૌ વર્તતા,**
**તત્કાળના પર્યાય જેમ, વિશેષપૂર્વક જ્ઞાનમાં. ૩૭. –શ્રી પ્રવચનસાર**

## શ્રી નાટક સમયસાર
# સ્યાદ્‌વાદ દ્વાર અધિકારનો સાર

જૈનધર્મના મહત્વપૂર્ણ અનેક સિદ્ધાંતોમાં સ્યાદ્વાદ મુખ્ય છે, જૈનધર્મનું જે કાંઈ ગૌરવ છે, તે સ્યાદ્વાદનું છે. આ સ્યાદ્વાદ અન્ય ધર્મોને નિર્મૂળ કરવા માટે સુદર્શન-ચક્ર સમાન છે. આ સ્યાદ્વાદનું રહસ્ય સમજવું કઠિન નથી. પરંતુ ગૂઢ અવશ્ય છે અને એટલું ગૂઢ છે કે એને સ્વામી શંકરાચાર્ય અથવા સ્વામી દયાનંદ સરસ્વતી જેવા અજૈન વિદ્વાનો સમજી શક્યા નહીં અને સ્યાદ્વાદનું ઉલટું ખંડન કરીને જૈનધર્મને મોટો ધક્કો પહોંચાડી ગયા. એટલું જ નહીં, કેટલાક આધુનિક વિદ્વાનો આ ધર્મ ઉપર નાસ્તિપણાનું લાંછન લગાડે છે.

પદાર્થમાં જે અનેક ધર્મો હોય છે, તે બધા એક સાથે કહી શકાતા નથી, કેમકે શબ્દમાં એટલી શક્તિ નથી કે જે અનેક ધર્મોને એકસાથે કહી શકે, તેથી કોઈ એક ધર્મને મુખ્ય અને બાકીનાને ગૌણ કરીને કથન કરવામાં આવે છે. 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં કહ્યું છે :—

णाणाधम्मजुदं पि य एयं धम्मं पि वुच्चदे अत्थं।
तस्सेयविवक्खादो णत्थि विवक्खा हु सेसाणं।।२६४।।

અર્થ :—તેથી જે ધર્મનું જે અપેક્ષાએ કથન કરવામાં આવ્યું હોય તે ધર્મ, જે શબ્દથી કથન કરવામાં આવ્યું હોય તે શબ્દ, અને તેને જાણનાર જ્ઞાન—એ ત્રણે નય છે. કહ્યું પણ છે કે :—

सो चिय इक्को धम्मो वाचसयद्दो वि तस्स धमस्स।
तं जाणदि तं णाणं ते तिण्णि विणय विसेसा य।।

અર્થ :—આપણી નિત્યની વાતચીત પણ નયગર્ભિત હોય છે, જેમકે જ્યારે કોઈ મરણ-સન્મુખ હોય છે ત્યારે તેને હિંમત આપવામાં આવે છે કે જીવ નિત્ય છે, જીવ તો મરતો નથી, શરીરરૂપ વસ્ત્રનો તેની સાથે સંબંધ છે, તેથી વસ્ત્ર સમાન શરીર બદલવું પડે છે. ન તો જીવ જન્મે છે, ન મરે છે અને ન ધન, સંતાન, કુટુંબ આદિ સાથે તેમનો સંબંધ

જે પર્યયો અણજાત છે, વળી જન્મીને પ્રવિનષ્ટ જે,
તે સૌ અસદ્‌ભૂત પર્યયો પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. ૩૮. —શ્રી પ્રવચનસાર

છે. આ જે કાંઈ કહેવામાં આવ્યું છે તે જીવ પદાર્થના નિત્યધર્મ તરફ દૃષ્ટિ રાખીને કહેવામાં આવ્યું છે. પછી જ્યારે તે મરી જાય છે અને તેના સંબંધીઓને સંબોધન કરે છે ત્યારે કહે છે કે સંસાર અનિત્ય છે, જે જન્મે છે તે મરે જ છે, પર્યાયોનું પલટવું એ જીવનો સ્વભાવ જ છે, આ કથન પદાર્થના અનિત્ય ધર્મ તરફ દૃષ્ટિ રાખીને કહ્યું છે. કુંદકુંદસ્વામીએ પંચાસ્તિકાયમાં આ વિષયને ખૂબ સ્પષ્ટ કરેલ છે. સ્વામીજીએ કહ્યું છે કે જીવના ચેતના, ઉપયોગ આદિ ગુણ છે, નર, નારક આદિ પર્યાયો છે. જ્યારે કોઈ જીવ મનુષ્ય પર્યાયમાંથી દેવ પર્યાયમાં જાય છે ત્યારે મનુષ્ય પર્યાયનો અભાવ (વ્યય) અને દેવ પર્યાયનો સદ્ભાવ (ઉત્પાદ) થાય છે, પરંતુ જીવ ન ઉપજ્યો છે કે ન મર્યો છે, આ તેનો ધ્રુવ ધર્મ છે. બસ! આનું જ નામ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.

**सो चेव जादि मरणं जादि ण णट्ठो ण चेव उप्पण्णो।**
**उप्पण्णो य विणट्ठो देवो मणुसोत्ति पज्ञाओ।।१८।।**

(પંચાસ્તિકાય પૃ. ૩૬)

અર્થ :—તે જ જીવ ઉપજે છે કે જે મરણને પ્રાપ્ત થાય છે, સ્વભાવથી તે જીવ ન વિનાશ પામ્યો છે અને નિશ્ચયથી ન ઊપજ્યો છે, સદા એકરૂપ છે. ત્યારે કોણ ઊપજ્યું અને કોણ વિણસ્યું છે? પર્યાય જ ઉપજી છે અને પર્યાય જ વિણસી છે. જેમ કે દેવ પર્યાય ઉત્પન્ન થઈ છે, મનુષ્ય પર્યાય નાશ પામી છે, એ પર્યાયનો ઉત્પાદ-વ્યય છે. જીવને ધ્રૌવ્ય જાણવો.


**एवं भावमभावं भावाभावं अभावभावं च।**
**गुणपज्ञएहिं सहिदो संसरमाणो कुणदि जीवो।।२१।।**

(પંચાસ્તિકાય પૃ. ૪૨)

અર્થ :—પર્યાયાર્થિક નયની વિવક્ષાથી પંચપરાવર્તનરૂપ સંસારમાં ભ્રમણ કરતો આ આત્મા દેવાદિ પર્યાયોને ઉત્પન્ન કરે છે, મનુષ્યાદિ પર્યાયોનો નાશ કરે છે, તથા વિદ્યમાન દેવાદિ પર્યાયોના નાશનો આરંભ કરે છે અને જે વિદ્યમાન નથી તે મનુષ્યાદિ પર્યાયના ઉત્પાદનો આરંભ કરે છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)

**જ્ઞાને અજાત-વિનષ્ટ પર્યાયો તણી પ્રત્યક્ષતા**
**નવ હોય જો, તો જ્ઞાનને એ 'દિવ્ય' કોણ કહે ભલા ? ૩૯. –શ્રી પ્રવચનસાર**



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૨૦

મારે કાંઈ જોઈતું જ નથી, કોઈ પર પદાર્થની લાલસા નથી, આત્મા જ જોઈએ—એવી જેને તીખી તમન્ના લાગે તેને માર્ગ મળ્યે જ છૂટકો છે. અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. એવો નિસ્પૃહ થઈ જાય છે કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે.—આવી અંદર જવાની તીખી તમન્ના લાગે, તો આત્મા પ્રગટ થાય, પ્રાપ્ત થાય. ૨૦.

**'મારે કાંઈ જોઈતું જ નથી,'**

મારે મારું પોતાનું અસ્તિત્વ જ જોઈએ છે, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ હયાતીવાળી ચીજ—હિતસ્વભાવી નિજ વસ્તુ—જ જોઈએ છે, જિજ્ઞાસામાં માત્ર નિજ શુદ્ધ સત્તા—હયાતી જ જોઈએ છે, મારા પૂર્ણાનંદથી ભરેલા પ્રભુ સિવાય બીજું મારે કાંઈ જોઈતું જ નથી, મારું અસ્તિત્વ જે પૂર્ણ વસ્તુ–મારો ભગવાન આત્મા એ જ મને જોઈએ છે, એ સિવાય દુનિયાની પ્રશંસા કે શુભ રાગ વગેરે બીજું કાંઈ જોઈતું નથી;—આત્માની યથાર્થ રુચિવાળાને દૃષ્ટિમાં એવું જોર આવી જાય છે.

**'...કોઈ પર પદાર્થની લાલસા નથી, આત્મા જ જોઈએ'...**

વિકલ્પથી માંડીને કોઈ પણ પર પદાર્થની લાલસા–તૃષ્ણા નથી. 'આ હોય તો ઠીક' એમ કોઈ પર પદાર્થમાં—પરમાં તો દેવ-શાસ્ત્ર-ગુરુ અને શુભભાવ પણ આવી ગયા—લાલસા નથી. બાપુ! આત્માના એ મારગડા જુદા! દૃષ્ટિના વિષયસ્વરૂપ એની પ્રભુતા કેવી છે? તેનું સ્વરૂપ કેવડું છે? અહા! પ્રભુની એ પૂર્ણ પ્રભુતા! પ્રભુની પ્રભુતાની વાત સાંભળતા રુવાંટે રુવાંટાં ઊભાં થઈ જાય, પરમાત્મસ્વરૂપ નિજ પ્રભુતાને પ્રાપ્ત કર્યા વિના બીજે ક્યાંય ચેન ન પડે, ગમે નહિ, સુખ ન લાગે, પ્રાપ્ત કર્યે જ છૂટકો. મારે તો મારો પ્રભુ આત્મા જ જોઈએ; પર પદાર્થની મને લાલસા નથી; પ્રભુ! એ જ અહીં બતાવે છે.

**'—એવી જેને તીખી તમન્ના લાગે તેને માર્ગ મળ્યે જ છૂટકો છે.'**

જેને સ્વરૂપ પામવાની ઉગ્ર તાલાવેલી જાગે તેને માર્ગ મળ્યે જ છૂટકો છે. જેને

> **ઈહાદિપૂર્વક જાણતા જે અક્ષપતિત પદાર્થને,**
> **તેને પરોક્ષ પદાર્થ જાણવું શક્ય ના—જિનજી કહે. ૪૦. –શ્રી પ્રવચનસાર**

તીખી તમન્ના એટલે એકાગ્રતા પ્રગટ કરવાની ઉગ્ર ભાવના થાય તેને અંદર માર્ગ અવશ્ય મળે જ.

**'અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી.'**

અહા! ભગવાન આત્માની ચૈતન્યસંપદા! અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શ્રદ્ધા, અનંત શાન્તિ આદિ અપાર ગુણોનો દરિયો છે. અપાર ગુણો ને શક્તિનો સાગર એવા પ્રભુની—નિજ આત્માની—ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. સમયસારની ૧૪૨મી ગાથાના મથાળામાં કહ્યું છે—'ततः किम्?' અર્થાત્ હું અબદ્ધ છું, પૂર્ણ છું, શુદ્ધ છું—એવા વિકલ્પ આવે પણ તેથી શું? ત્યાં રોકાય તેથી શું? અહીં તો એમ કહે છે કે આ વસ્તુ છે અને તેમાં અનંત અપરિમિત શક્તિઓનો ભંડાર છે—એમ અનંત ઋદ્ધિનો જ્ઞાનમાં ખ્યાલ આવે; પરંતુ એ ઋદ્ધિ અને સંપદાના વિકલ્પમાં પણ રોકાતો નથી. બીજે તો ક્યાંય રોકાવાનો નથી, પણ અહીં વિકલ્પમાં પણ રોકાવાનો નથી. એવી વાત છે બાપુ! સમજાણું કાંઈ?

**'એવો નિસ્પૃહ થઈ જાય છે કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે.'**

એવો નિસ્પૃહ, એવો લાલસા વિનાનો થઈ જાય છે કે મારે મારો એક પૂર્ણાનંદનો નાથ જ જોઈએ છે. એની સંપદાની એટલી મહિમા લાગે કે એના વિકલ્પમાં પણ રોકાવું નથી—એવો નિસ્પૃહ થઈ જાય છે. મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે; મારા દ્રવ્યનું જેટલું અને જેવડું હોવાપણું છે એ જ મારે જોઈએ છે. મારી વસ્તુ અને તેની જ્ઞાનાદિ અનંત ગુણસંપદા અનાદિઅનંત હયાતીવાળી ચીજ છે; એમાં ક્યાંય ખોડખાંપણ જરીયે આવી નથી.—એવો જે નિજ પ્રભુ દ્રવ્યસ્વભાવ એની અપાર ઋદ્ધિ લક્ષમાં આવતાં છતાં, અપરિમિત વસ્તુનો ખ્યાલ આવતાં છતાં, તેના વિકલ્પમાં રોકાતો નથી. એની સંપદાની મહિમાના રાગમાં પણ ન રોકાતાં, એની પોતાની જે પૂર્ણ ચીજ છે તે જ તેને જોઈએ છે.

**'—આવી અંદર જવાની તીખી તમન્ના લાગે, તો આત્મા પ્રગટ થાય, પ્રાપ્ત થાય.'**

અંતરમાં જવા માટે, ધ્રુવ સ્વભાવના તળિયામાં જવા માટે, હયાતીવાળી જે કાયમી જ્ઞાયક-ચીજ છે એમાં પહોંચવાની, આવી તીવ્ર ચટપટી લાગે તો આત્મા પ્રગટ

(જુઓ અનુસંધાન પેજ નં. ૫ ઉપર)

**જે જાણતું અપ્રદેશને, સપ્રદેશ, મૂર્ત, અમૂર્તને,**
**પર્યાય નષ્ટ-અજાતને, ભાખ્યું અતીન્દ્રિય જ્ઞાન તે. ૪૧. –શ્રી પ્રવચનસાર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—સ્વાનુભૂતિ કેમ કરવી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—રાગની વૃત્તિ પર તરફ જાય છે તેનું લક્ષ છોડીને સ્વસન્મુખ વળે તો અનુભૂતિ થાય.

શ્રોતા :—વિષય-કષાયની સતત વિટંબણામાંથી છૂટવાનું સાધન શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વિષય–કષાયનો પ્રેમ છોડવો–રુચિ છોડવી, વિષય–કષાયના રાગથી ચૈતન્યનું ભેદજ્ઞાન કરવું તે વિષય–કષાયની સતત વિટંબણાથી છૂટવાનું સાધન છે.

શ્રોતા :—આ તત્ત્વની ઝાંખી (સંસ્કાર) આવતા ભવમાં રહે એવો કાંઈ ઉપાય ખરો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ તત્ત્વનો પાકો નિર્ણય કરે તો આવતા ભવમાં એ સંસ્કાર કામ આવે.

શ્રોતા :—વિકલ્પવડે નિર્વિકલ્પદશાની પ્રાપ્તિ કેમ નથી થતી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વિકલ્પવડે નિર્વિકલ્પ–ચૈતન્યના અનુભવ તરફ જવાશે—એમ જે માને છે તે વિકલ્પને અને નિર્વિકલ્પતત્ત્વને બંનેને એક માને છે, તેને વિકલ્પનો જ અનુભવ રહેશે પણ વિકલ્પથી પાર એવા નિર્વિકલ્પ ચૈતન્યનો અનુભવ તેને નહિ થાય. વિકલ્પને સાધન માને તે વિકલ્પનું અવલંબન છોડીને આઘો જાય નહિ. એટલે વિકલ્પથી પાર એવું ચૈતન્યતત્ત્વ તેના અનુભવમાં આવે નહિ. ભાઈ, ચૈતન્યતત્ત્વ અને વિકલ્પ—એ બંનેની જાત જ જુદી છે; ચૈતન્યમાંથી વિકલ્પની ઉત્પત્તિ નથી, અને વિકલ્પનો પ્રવેશ ચૈતન્યમાં થતો નથી. આમ અત્યંત ભિન્નતાને ઊંડેથી વિચારીને તું ચૈતન્યની જ ભાવનામાં તત્પર રહે.

ચૈતન્યમાં જેમ જેમ નિકટતા થતી જાય છે તેમ તેમ વિકલ્પો શમતા જાય છે. ચૈતન્યમાં લીન થતાં વિકલ્પો અલોપ થઈ જાય છે. આ રીતે ચૈતન્યમાં વિકલ્પ નથી, એવા ભિન્ન ચૈતન્યને તું તીવ્ર લગનીથી ચિંતવ.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—(બાળક) : –ભગવાન કેવી રીતે થવાય ?

પૂજ્ય બહેનશ્રી :—ભગવાનને પહેલાં ઓળખવા જોઈએ. આ શરીરથી જુદો અંદર આત્મા બિરાજે છે તે આત્મા ભગવાન છે. તેને ઓળખે તો ભગવાન થવાય. બધા રાગ-દ્વેષથી છૂટો પડે તો ભગવાન થવાય. આત્મા જાણનારો છે. તેને ઓળખે તો ભગવાન થવાય.

પ્રશ્ન :—કાર્ય તો પર્યાયમાં થાય છે, તો પર્યાયનું મહત્ત્વ શું દ્રવ્યથી વિશેષ ન કહેવાય ?

પૂજ્ય બહેનશ્રી :—કાર્ય પર્યાયમાં થાય પણ સ્વરૂપના આશ્રયે તે થાય છે. માટે જેનો આશ્રય હોય તેનું મહત્ત્વ છે. અનંત શક્તિથી ભરેલો આત્મા છે. પર્યાય તો એક ક્ષણ પૂરતી છે, ક્ષણે ક્ષણે નવી પર્યાયો થાય છે. માટે મહત્ત્વ દ્રવ્યનું છે કે જે અનંત શક્તિઓથી ભરપૂર છે. ગમે તેટલી પર્યાયો પ્રગટ થાય તો પણ સ્વભાવ તો ખૂટતો જ નથી. એવા અનંત અનંત સ્વભાવથી ભરેલું દ્રવ્ય છે. અનંતકાળ સુધી આનંદ પ્રગટ્યા જ કરે તો પણ તે આનંદ અનંત અને અનંત જ રહે છે. જ્ઞાન પણ અનંત છે. લોકાલોકને એક સમયમાં જાણે પછી બીજી ક્ષણે શું જાણે ? એમ નથી. જ્ઞાન ખૂટતું નથી કે આટલું જાણ્યું, હવે જ્ઞાન ખૂટી ગયું. અનંત શક્તિથી ભરેલું સામર્થ્ય દ્રવ્યમાં છે. માટે દ્રવ્યની મહત્તા છે. સાધનાની ને કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે તેણે પોતાના સ્વભાવનો આશ્રય કર્યો તે અપેક્ષાએ મહત્ત્વવાળી છે; છતાં દ્રવ્ય તો અનંત શક્તિથી ભરેલું છે. માટે દ્રવ્ય જ મહામહિમાવંત છે. કેવળજ્ઞાનની પર્યાયથી પણ દ્રવ્ય મહિમાવંત છે.

પ્રશ્ન :—તો શું અપેક્ષાએ બંનેને મહત્ત્વપણું કહેવાય ?

પૂજ્ય બહેનશ્રી :—અપેક્ષાએ દરેકનું મહત્ત્વપણું છે. દ્રવ્ય અનંત શક્તિઓથી ભરેલું છે માટે દ્રવ્ય પણ મહામહિમાવંત છે. શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે, સાધકદશા–કેવળજ્ઞાન પ્રગટ થાય છે માટે પર્યાય પણ મહિમાવંત છે. શુદ્ધ દ્રવ્યના આશ્રયે પર્યાય પ્રગટ થઈ તે શુદ્ધરૂપે પરિણમે છે, તે પર્યાય પણ મહિમાવંત છે. સમ્યગ્દર્શન-જ્ઞાન–ચારિત્ર તે રત્નત્રય મહિમાવંત છે. તે જેના આશ્રયે પ્રગટ થાય છે એવું દ્રવ્ય મહિમાવંત છે, બધી પર્યાયોનો આશ્રય એક દ્રવ્ય છે.

## બાળ વિભાગ

# વૃષભસેનાની કથા

જેમ ફળદ્રુપ જમીનમાં વાવેલું નાનું વડલાનું બીજ, યોગ્યકાળે વિશાળ છાયા અને અનેક ફળોરૂપે ફળે છે, તેમ યોગ્ય પાત્રને દીધેલું અલ્પ દાન પણ યોગ્ય સમયે જીવને (દાતારને) વિશાળ ઐશ્વર્ય, સંપત્તિ અને ઈચ્છાનુસાર અનેક ભોગોપભોગાદિ ફળરૂપે ફળે છે. વૈયાવૃત્ય (દાન)ના ચાર પ્રકાર છે—(૧) આહારદાન, (૨) ઔષધદાન, (૩) ઉપકરણદાન, (૪) આવાસદાન. તેમાં આહારદાનમાં વૃષભસેનાની કથા આપવામાં આવે છે.

જનપદદેશમાં કાવેરી શહેરમાં રાજા ઉગ્રસેન, શેઠ ધનપતિ, તેની સ્ત્રી ધનશ્રી, તેની પુત્રી વૃષભસેના અને તેની ધાવમાતા (ધાત્રી) રૂપવતી નામે હતાં. એક દિવસ વૃષભસેનાના સ્નાનજળના ખાડામાં એક રોગગ્રસ્ત કૂતરું પડ્યું, આળોટ્યું અને નીકળ્યું. તેને રોગરહિત દેખીને ધાત્રીએ વિચાર્યું : ‘‘પુત્રીનું સ્નાનજળ જ તેની આરોગ્યતાનું કારણ છે.’’

પછી તે ધાત્રીએ બાર વર્ષથી આંખના રોગથી પીડાતી પોતાની માતાને આ વાત કરી. એક દિવસ પરીક્ષા માટે તે જળથી પોતાનાં નેત્રો ધોતાં, તેની (ધાત્રીની માતાની) આંખો સારી થઈ ગઈ. આ ઘટનાથી તે ધાત્રી સર્વ રોગો મટાડનારી છે, એમ તે નગરમાં પ્રસિદ્ધ થઈ.

એક દિવસ રાજા ઉગ્રસેને બહુ સૈન્ય સાથે રણપિંગલ મંત્રીને મેઘપિંગલ ઉપર (ચઢાઈ કરવા) મોકલ્યો. મંત્રી જેવો જ તે દેશમાં પ્રવેશ્યો કે તરત જ ઝેરી પાણીના સેવનથી તાવે સપડાયો. તે જલદી પાછો આવ્યો અને રૂપવતી (ધાત્રી)એ તે જળથી (સ્નાનજળથી) તેને નીરોગી (રોગરહિત) કર્યો. રાજા ઉગ્રસેન પણ કોપથી ત્યાં (મેઘપિંગલના દેશમાં) ગયો અને તેવી રીતે તાવમાં સપડાઈ જલદી પાછો આવ્યો. રણપિંગલ પાસેથી જળની હકીકત સાંભળીને તેણે તે જળની યાચના કરી. પછી ધનશ્રીએ મંત્રીને (શેઠને) કહ્યું, ‘‘અરે શેઠ ! રાજાના મસ્તક ઉપર પુત્રીનું સ્નાનજળ કેવી રીતે નખાય ?’’

ધનપતિએ કહ્યું, ‘‘જો રાજા જળના સ્વભાવ સંબંધી પૂછે તો સત્ય કહેવું, તેમાં દોષ નથી.’’

એમ કહેવામાં આવતાં રૂપવતીએ તે જળથી ઉગ્રસેન રાજાને નીરોગી કર્યો. પછી નીરોગી થયેલા રાજાએ રૂપવતીને જળના મહિમા વિષે પૂછ્યું અને તેણે સાચું જ કહ્યું.

પછી રાજાએ શેઠને બોલાવ્યો અને તે (શેઠ) ડરતાં–ડરતાં રાજાની સમીપે આવ્યો. રાજાએ તેનું બહુમાન કરી, વૃષભસેનાને પરણવાની (તેની પાસે) માગણી કરી. પછી શેઠે કહ્યું, ‘‘દેવ ! જો તમે જિનપ્રતિમાઓની અષ્ટાહ્નિકા પૂજા કરો, પાંજરામાં પૂરેલાં સમસ્ત પક્ષીઓને છોડી મૂકો અને જેલમાં રાખેલા સર્વ મનુષ્યોને મુક્ત કરો તો હું તેને (વૃષભસેનાને) આપું.’’

રાજા ઉગ્રસેને તે બધું કર્યું અને વૃષભસેનાને પરણ્યો તથા તેને પટરાણી બનાવી. રાજા અન્ય બધાં કાર્યો છોડીને તે પ્રિય રાણી સાથે ક્રીડા કરવા લાગ્યો.

તે દરમિયાન જે વારાણસીનો પૃથિવીચંદ્ર નામનો રાજા પકડાયો હતો, તે બહુ પ્રચંડ (ઉગ્ર) હોવાથી વિવાહના સમયે પણ તેને છોડવામાં આવ્યો ન હતો. પછી તેની રાણી જે નારાયણદત્તા હતી તેણે મંત્રીઓની સાથે મંત્રણા કરીને પૃથિવીચંદ્રને છોડાવવા માટે વારાણસીમાં વૃષભસેના રાણીના નામે એવું ભોજનગૃહ ખોલાવ્યું કે જેમાં કોઈને માટે પ્રવેશ કરવાનો નિષેધ ન હતો. તેમાં ભોજન કરીને જેઓ કાવેરી નગરે ગયા હતા તે બ્રાહ્મણો આદિ પાસેથી તે વૃત્તાંત સાંભળીને કોપાયમાન થયેલી રૂપવતીએ કહ્યું, ''હે વૃષભસેના ! મને પૂછ્યા વગર તેં વારાણસીમાં ભોજનગૃહ શા માટે કરાવ્યું છે?''

તેણે કહ્યું, ''મેં ભોજનગૃહ કરાવ્યું નથી, પરંતુ મારા નામે કોઈએ કોઈ કારણથી તે કરાવેલ છે, તમે તેનો પત્તો મેળવો.''

છૂપા પુરુષો દ્વારા યથાર્થ જાણીને જેણે (રૂપવતીએ) વૃષભસેનાને બધું કહ્યું અને તેણે રાજાને વિજ્ઞાપના (વિનંતી) કરી પૃથિવીચંદ્રને છોડાવ્યો.

તેણે (પૃથિવીચન્દ્રે) ચિત્રના પાટિયા ઉપર (ચિત્રબોર્ડ ઉપર) વૃષભસેના અને રાજા ઉગ્રસેન બંનેનું રૂપચિત્ર દોરાવ્યું અને તે બંનેની નીચે પ્રણામ કરતા એવા પોતાનું રૂપ (ચિત્ર) દોરાવ્યું. તે ચિત્રબોર્ડ તે બંનેને બતાવ્યું અને વૃષભસેનાને કહ્યું, ''દેવી ! તમે મારી માતા છો, તમારી કૃપાથી મારો આ જન્મ સફળ થયો.''

પછી રાજા ઉગ્રસેન તેનું સન્માન કરી બોલ્યો, ''તારે મેઘપિંગળ ઉપર ચડાઈ કરવી.''

એમ કહીને તેને બંને સાથે વારાણસી મોકલ્યો. મેઘપિંગળ પણ એ સાંભળીને ''આ પૃથિવીચંદ્ર મારો મર્મભેદી છે.'' એવો વિચાર કરીને આવ્યો અને રાજા ઉગ્રસેનની બહુ મહેરબાનીથી તેનો સામન્ત થયો.

''આ સ્થાને બેઠેલા એવા મારી પાસે જે પ્રાભૃત (ભેટ) આવશે તેનો અર્ધો ભાગ મેઘપિંગળને અને અર્ધો ભાગ હું વૃષભસેનાને આપીશ.'' એવી ઉગ્રસેને વ્યવસ્થા કરી.

એક દિવસ બે રત્નકંબલ આવી. નામાંકિત કરીને એક એક કંબલ તે બંનેને આપી. એક દિવસ મેઘપિંગળની વિજ્યા નામની રાણી મેઘપિંગળની કંબલ ઓઢીને પ્રયોજનવશાત્ રૂપવતી પાસે ગઈ, ત્યાં કંબલની અદલાબદલી થઈ ગઈ. એક દિવસ વૃષભસેનાવાળી કંબલ ઓઢીને મેઘપિંગળ, રાજા ઉગ્રસેનની સભામાં તેની સેવામાં આવ્યો. તેને જોઈને અતિકોપથી રાજાની આંખો લાલચોળ થઈ ગઈ. મેઘપિંગળ તેને તેવો જોઈને, ''આ રાજા મારા ઉપર ગુસ્સે થયો છે''—એમ જાણીને દૂર ભાગ્યો. ગુસ્સે થયેલા ઉગ્રસેને વૃષભસેનાને મારવા માટે સમુદ્રના પાણીમાં ફેંકી. તેણે (વૃષભસેનાએ) પ્રતિજ્ઞા કરી કે, ''જો હું આ ઉપસર્ગમાંથી બચીશ તો તપ કરીશ.''

પછી વ્રતના માહાત્મ્યથી, જળદેવતાએ તેનું સિંહાસનાદિ પ્રાતિહાર્ય કર્યું. તે સાંભળીને રાજાને પશ્ચાત્તાપ થયો અને તે તેને લેવા ગયો. પાછા આવતાં રાજાએ વનમાં ગણધર નામના અવધિજ્ઞાની મુનિ દીઠા; તેમને પ્રણામ કરી વૃષભસેનાએ પોતાના પૂર્વભવની કરણી પૂછી.

ભગવાને કહ્યું, ''પૂર્વભવમાં તું અહીં જ નાગશ્રી નામની બ્રાહ્મણ પુત્રી તરીકે જન્મી હતી. રાજાના દેવકુળમાં તું કચરો કાઢતી. તે દેવકુળમાં એક દિવસ બપોર પછી કિલ્લાની અંદર પવનરહિત ખાડામાં મુનિદત્ત નામના મુનિ પદ્માસને કાયોત્સર્ગમાં બેઠા હતા. તેણે (બ્રાહ્મણ પુત્રીએ) ગુસ્સે થઈને કહ્યું, ''કટકમાંથી (સેનાની છાવણીમાંથી) રાજા પાછા ફર્યા છે, તેઓ અત્રે આવશે, માટે ઊઠો, ઊઠો. મારે કચરો વાળવો છે.''

એવું તે બોલતી રહી અને મુનિ ત્યાં કાયોત્સર્ગ કરીને મૌનથી સ્થિત રહ્યા. પછી કચરાથી (તે ખાડો) પૂરીને તેણે ઉપર સંમાર્જન (સાફસૂફ) કર્યું.

પ્રભાતમાં ત્યાં આવેલા રાજા તે પ્રદેશમાં ક્રીડા કરતાં–કરતાં તે સ્થાને પહોંચ્યો, ત્યારે ઉચ્છ્વાસ–નિઃશ્વાસના કારણે ઊંચાનીચા થતા તે પ્રદેશને જોઈને (તે પ્રદેશને) ખોદાવીને મુનિને બહાર કાઢ્યા. પછી તેણે (બ્રાહ્મણ પુત્રીએ) આત્મનિંદા કરીને ધર્મમાં રુચિ કરી. તે મુનિની પીડાને શાંત કરવા માટે તેણે પરમ આદરથી વિશિષ્ટ (ઉત્તમ) ઔષધદાન અને વૈયાવૃત્ય કર્યું. પછી નિદાનથી મરીને અહીં તું ધનપતિ અને ધનશ્રીને ત્યાં વૃષભસેના નામની પુત્રી તરીકે જન્મી છે. ઔષધદાનના ફળથી તને સર્વોષધ–ૠદ્ધિનું ફળ પ્રાપ્ત થયું છે અને કચરો પૂરવાને કારણે તું કલંકિત થઈ છે.''

આમ સાંભળીને પોતાની જાતને રાજાથી છોડાવીને વૃષભસેના તેમના સમીપે આર્જિકા થઈ. આ ઔષધદાનનું ફળ છે.

---

## ✻ મંગલ પત્રિકાલેખન વિધિ ✻

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૧૦૧મા જન્મોત્સવની નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૨૬-૭-૨૦૧૫ રવિવારના દિવસે સુવર્ણપુરી (સોનગઢ)માં વિવિધ મુમુક્ષુમડળોના સભ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. સવારે નંદીશ્વર જિનાલયમાં સામુહિક પૂજન પછી સર્વે મુમુક્ષુઓ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જિતેન્દ્રભાઈ વી. શાહ ના નિવાસસ્થાને ગયા. ત્યાંથી વાજતે-ગાજતે અત્યંત ઉત્સાહપૂર્વક પત્રિકાને સ્વાધ્યાયમંદિરમાં લાવવામાં આવી. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન પછી નિમંત્રણ પત્રિકાનું વાંચન આયોજક શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળ વતી શ્રી જિતેન્દ્રભાઈ વી. શાહે કર્યું ત્યારબાદ પત્રિકા-લેખન વિધિ ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થઈ.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પંચાધ્યાયી) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

❀ **રક્ષાબંધન પર્વ :—**શ્રાવણ પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૨૯-૮-૨૦૧૫, શનિવારના દિવસે પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

❀ **જ્ઞાનવૈભવ–પ્રકાશન વાર્ષિક દિવસ :—**'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ શ્રાવણ વદ-૧૪, તા. ૧૧-૯-૧૫ શુક્રવારના દિવસે છે. આ દિવસે બહેનશ્રીના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

❀ **દશલક્ષણપર્યુષણપર્વ :**–ભાદરવા સુદ ૫, શુક્રવાર તા. ૧૮-૯-૨૦૧૫ થી ભાદરવા સુદ ૧૪, રવિવાર, તા. ૨૭-૯-૨૦૧૫ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ શ્રી દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એ જ રીતે તા. ૨૫-૯-૨૦૧૫, શુક્રવારથી તા. ૨૭-૯-૨૦૧૫, રવિવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

❀ **ઉત્તમ ક્ષમાવણીપર્વ :**–ભાદરવા વદ ૧, સોમવાર, તા. ૨૮-૯-૨૦૧૫ના દિવસે ક્ષમાવણીપર્વ ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

## આત્મધર્મ-વાર્ષિક શુલ્ક

આ ઓગસ્ટ માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઇચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

## અમેરિકામાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૬મી જન્મજયંતી મહોત્સવ તથા ચાર દિવસના આધ્યાત્મિક સેમિનારનું ભવ્ય આયોજન સાનંદ સંપન્ન

અમેરિકાના ટેમ્પા શહેરમાં મે ૨૨ થી ૨૫, ૨૦૧૫ પર્યંત ચાર દિવસનો આધ્યાત્મિક સેમિનાર તથા પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૬મી જન્મજયંતીનો મંગલમય પ્રસંગ ભવ્ય રીતે ઊજવાયો. અત્યાર સુધીની જન્મજયંતીઓ ઉજવાઈ તેમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો, વધામણા, જ્ઞાનગોષ્ઠી, ભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા બાળકો માટે વર્ગોનું સુંદર આયોજન કરવામાં આવેલ.

સંપર્કસૂત્ર :— સમીર હસમુખ શાહ —SAMIRMRR@YAHOO.COM

## વૈરાગ્ય સમાચાર :—

જામનગરનિવાસી શ્રી જિતેન્દ્રભાઈ ત્રંબકલાલ વાધર (ઉ.વ. ૬૫) નું તા. ૯-૨-૨૦૧૫ના રોજ જ્ઞાયકમાં રટણપૂર્વક શાંતપણે દેહપરિવર્તન થયેલ છે. તેઓ સોનગઢ તથા જામનગરના દરેક ઉત્સવોમાં ઉમંગપૂર્વક ભાગ લેતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૬મી જન્મજયંતી ખૂબ જ ભવ્ય રીતે ઉજવાય તેવી તેમની ભાવના હતી.

કુ. નીલા જૈન (—તે કાનજીભાઈ લલ્લુભાઈ લાઠીવાળાની પુત્રી) (ઉ.વ. ૭૦)નું તા. ૨૬-૨-૨૦૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

અમદાવાદનિવાસી સ્વ. મંજુલાબેન નગીનદાસ કપાસીનું (ઉ.વ. ૮૦) તા. ૨૧-૪-૨૦૧૫ના રોજ શાંત પરિણામપૂર્વક દેહપરિવર્તન થયેલ છે.

ચેન્નઈનિવાસી શ્રી કાંતિલાલભાઈ અમીચંદ કામદાર (ઉ.વ. ૯૨)નું તા. ૫-૭-૨૦૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓશ્રી પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય બહેનશ્રી તથા શ્રી સુવર્ણપુરીને સર્વપ્રકારે ત્રિયોગથી સમર્પિત હતા. તેઓશ્રીએ કહાનગુરુ શાસનની પ્રભાવના અર્થે તન-મન-ધનથી ખૂબ લાભ લીધો હતો. શ્રી જંબૂદ્વીપ-બાહુબલી જિનાયતનના નિર્માણમાં તન-મન-ધનથી અર્પણતાપૂર્વક લાભ લીધો હતો અને પ્રતિષ્ઠા જલ્દી થાય એવી એમને ભાવના રહ્યા કરતી. તેઓશ્રીનું વિશાળ આધ્યાત્મિક વાંચન હતું. તેઓએ મદ્રાસ દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખ તરીકે સેવાઓ ઘણા વર્ષો સુધી આપી હતી.

વિંછીયાનિવાસી (હાલ-મલાડ-મુંબઈ) શ્રી નગીનદાસ હિંમતલાલ ડગલી (ઉ.વ. ૯૦)નું તા. ૯-૭-૨૦૧૫ના રોજ શાંત પરિણામપૂર્વક આત્માનું ઘોલન કરતા દેહપરિવર્તન થયેલ છે. તેઓએ મલાડમંડળની સ્થાપનાથી જીવનપર્યંત સેવા આપી હતી. ૧૫ વર્ષ સેક્રેટરી અને પ્રમુખ તરીકે ૨૫ વર્ષ સુધી તન-મન-ધનથી સેવા આપી હતી. મલાડ મંદિરના પંચમેરુ - નંદીશ્વર પંચકલ્યાણક પ્રતિષ્ઠા પ્રસંગે ભગવાનના પિતા બનવાનો લાભ લીધો હતો. તેઓ સ્વભાવે સરળ અને તત્ત્વપ્રેમી હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરમ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૨૭)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ પ્રશ્નોના જવાબ સાચો જવાબ કૌંસમાં આપેલ વિકલ્પમાંથી લખો.

(૫૨૧) ભવ્ય જીવ માટે સંસાર ............... છે. (સાદિસાંત, અનાદિ અનંત, અનાદિસાંત)

(૫૨૨) અભવ્ય જીવ માટે સંસાર ............ છે. (સાદિસાંત, અનાદિ અનંત, અનાદિસાંત)

(૫૨૩) ભવ્ય જીવને માટે મોક્ષ ............... છે.(સાદિસાંત, સાદિ અનંત, અનાદિ અનંત)

(૫૨૪) જીવનો કાળ ................. છે. (અનાદિ અનંત, સાદિ અનંત, સાદિસાંત)

(૫૨૫) ભવ્ય જીવ માટે આસ્રવતત્ત્વનો કાળ ................. છે.
(સાદિઅનંત, અનાદિસાંત, સાદિસાંત)

(૫૨૬) અભવ્ય જીવ માટે આસ્રવતત્ત્વનો કાળ .............. છે.
(સાદિસાંત, અનાદિ અનંત, સાદિઅનંત)

(૫૨૭) સાધક જીવ માટે સંવરતત્ત્વનો કાળ ..................... છે.
(સાદિઅનંત, સાદિસાંત, અનાદિઅનંત)

(૫૨૮) સાધક જીવ માટે નિર્જરાતત્ત્વનો કાળ ................. છે.
(સાદિસાંત, અનાદિસાંત, સાદિઅનંત)

(૫૨૯) ઈન્દ્રિયસુખનો કાળ ............ છે. (અનાદિ અનંત, સાદિસાંત, સાદિઅનંત)

(૫૩૦) મોક્ષ સુખનો કાળ ................ છે. (સાદિઅનંત, અનાદિ અનંત, અનાદિસાંત)

(નીચેના પ્રશ્નો શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા ભાગ ૧-૨, પ્રકરણ-૪ અજીવ અધિકારના આધારે છે.)

(૫૩૧) દૂધ, દહીં અને છાસ આ ત્રણ વર્તમાન ચીજ છે તેમાં .....................
છે. (પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ, અત્યંતાભાવ)

(૫૩૨) તેજસ શરીર અને કાર્મણ શરીરની વચ્ચે ................... છે.
(અન્યોન્યાભાવ, પ્રાગભાવ, અત્યંતાભાવ)

(૫૩૩) ઈચ્છા અને ભાષાની વચ્ચે ................ છે.
(અત્યંતાભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ)

(૫૩૪) ચશ્મા અને જ્ઞાનની વચ્ચે ................ છે.
(પ્રાગભાવ, અત્યંતાભાવ, પ્રધ્વંસાભાવ)

(૫૩૫) શરીર અને વસ્ત્રની વચ્ચે ................ છે.
(અત્યંતાભાવ, અન્યોન્યાભાવ, પ્રધ્વંસાભાવ)

(૫૩૬) કુંભાર અને ઘડાની વચ્ચે ................ છે.
(અન્યોન્યાભાવ, પ્રાગભાવ, અત્યંતાભાવ)

(૫૩૭) જીવ અને પુસ્તકની વચ્ચે ................ છે.

(પ્રધ્વંસાભાવ, અત્યંતાભાવ, અન્યોન્યાભાવ)

(૫૩૮) ઘડો બનાવવાનું સાધન ચાક અને દંડની વચ્ચે ................ છે.

(અત્યંતાભાવ, અન્યોન્યાભાવ, પ્રાગભાવ)

(૫૩૯) અત્યંત અભાવ ................ દ્રવ્યોમાં લાગુ પડે છે.

(છ દ્રવ્ય, જીવ દ્રવ્ય, પુદ્ગલ દ્રવ્ય)

(૫૪૦) ચારે અભાવ ................ દ્રવ્યમાં લાગુ પડે છે.

(જીવ દ્રવ્ય, પુદ્ગલ દ્રવ્ય, આકાશ દ્રવ્ય)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન જુલાઈ-૨૦૧૫ના ઉત્તર

(૫૦૧) એક

(૫૦૨) ભવનવાસી

(૫૦૩) ૧. ખરભાગ ૨. પંકભાગ ૩. અબ્બહુલભાગ

(૫૦૪) ૮૪

(૫૦૫) ચક્રવર્તી – બળદેવ

(૫૦૬) ગોળ થાળી

(૫૦૭) ૧ રાજુ – એક લાખ ૪૦ હજાર

(૫૦૮) લવણ – બે લાખ

(૫૦૯) ધાતકીખંડ – ચાર લાખ

(૫૧૦) જઘન્ય

(૫૧૧) ઉત્તમ

(૫૧૨) વિજયમેરુ – અચલમેરુ

(૫૧૩) ૧૭૨૧

(૫૧૪) રોહિત

(૫૧૫) ૩૦

(૫૧૬) ૬

(૫૧૭) ૪૨૭

(૫૧૮) મંદિરમેરુ – વિદ્યુન્માલી મેરુ

(૫૧૯) ૮ લાખ

(૫૨૦) ૮

## (૨૭)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૫૨૧) અષ્ટાહ્નિકા પર્વમાં ...................................... ની પૂજા કરવામાં આવે છે.

(૫૨૨) દરેક મેરુમાં ચાર વન છે તેમના નામ : ૧...........................
૨......................... ૩........................... ૪.............................

(૫૨૩) પાંચ મેરુ પર્વતમાં બે પ્રકારના વૃક્ષ ૧ .......................
૨......................... હોય છે.

(૫૨૪) અચલ–વિજય મેરુની ઉંચાઈ ....................... યોજન છે.

(૫૨૫) પાંચે મેરુના બધા મંદિરો .................... અને પ્રતિમાં .........................
હોય છે.

(૫૨૬) નંદીશ્વરદ્વીપનો વિસ્તાર ................... યોજન છે.

(૫૨૭) નંદીશ્વર દ્વીપમાં મંદિરમાં પ્રતિમા રત્નોની તથા ............. ધનુષ ઉંચી હોય છે.

(૫૨૮) નંદીશ્વર દ્વીપની ચારે દિશામાં ................ અંજનગિરિ .............
દધિમુખગિરિ તથા ........... રતિકરગિરિ ઢોલાકાર પર્વત હોય છે.

(૫૨૯) કુંડલદ્વીપની ચારે દિશામાં ચાર મંદિર છે તેના નામ ૧..................
૨................ ૩.................... ૪......................... છે.

(૫૩૦) ઊર્ધ્વલોકમાં કુલ .................................. શાશ્વત અકૃત્રિમ ચૈત્યાલય છે.

(૫૩૧) અકંપનાચાર્યાદિ સાતસો મુનિઓ ઉપર ઉપસર્ગ ...................નગરમાં
............. આદિ ચાર મંત્રીઓએ કરેલ હતો.

(૫૩૨) શરીરમાં મમત્વ તથા કષાયનો ત્યાગ કરવો તેને ........................ તપ
કહેવામાં આવે છે.

(૫૩૩) શ્રી કુંદકુંદાચાર્યદેવને આચાર્ય પદવી ......................... દેવે આપેલ હતી.

(૫૩૪) તિર્યંચ ગતિની કુલ .................... યોનિઓ છે.

(૫૩૫) નેમિનાથ ભગવાનના દાદાજીનું નામ ............................ હતું.

(૫૩૬) કાળદ્રવ્ય બીજા બધા દ્રવ્યોના પરિણમનમાં .................. કારણ છે.

(૫૩૭) યત્નાચારપૂર્વક જોઈ સંભાળીને પુસ્તક-પીંછી-કમંડળ વિગેરે લેવું-મૂકવું તેને ......................... સમિતિ કહે છે.

(૫૩૮) લોકાલોકને સામાન્ય સત્તારૂપે પ્રતિભાસનારી ........................ શક્તિ છે.

(૫૩૯) સમસ્ત વિશ્વના સામાન્યભાવને દેખવારૂપે પરિણમતા એવા આત્મદર્શનમયી ......................... શક્તિ.

(૫૪૦) આચાર્ય કુંદકુંદદેવે સમયસારમાં આત્માની અનુભૂતિ કેમ થાય તે સમજાવવા અબદ્ધસ્પષ્ટપણું બતાવવા ...................... નું દૃષ્ટાંત આપેલ છે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન જુલાઈ—૨૦૧૫ના ઉત્તર

(૫૦૧) કષાય
(૫૦૨) ૨૦
(૫૦૩) ૭-૮-૯
(૫૦૪) સવિપાક
(૫૦૫) અમૂઢદૃષ્ટિ
(૫૦૬) કર્મનો
(૫૦૭) સ્વર્ણ
(૫૦૮) સાદિ-સાંત
(૫૦૯) આકાશ
(૫૧૦) પ્રદેશભેદ
(૫૧૧) અભિન્ન
(૫૧૨) કર્તા
(૫૧૩) પ્રધ્વંસાભાવ
(૫૧૪) સાડાબાર કરોડ
(૫૧૫) ભૂમિગોચરી
(૫૧૬) જીવ તત્ત્વ
(૫૧૭) અસુરકુમાર
(૫૧૮) કૌશામ્બી - જરત્કુમાર
(૫૧૯) ૪
(૫૨૦) મિથ્યાત્વ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

✻ નિરંતર કલ્યાણમય એવા પરમાત્મતત્ત્વને વિષે દેહ-મન-વાણી ઉદયભાવ તો નથી જ. રાગ તો નથી જ પણ ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. અહાહા! પરમાત્મતત્ત્વ તો સદાય શુદ્ધ જ છે. પર્યાયમાં ધ્યાનની જમાવટ જામી છે. આનંદની પરિણતિ જામી છે એવી પર્યાય પણ પરમાત્મતત્ત્વમાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. આહાહા ! પોતાને પામર...પામર...પામર...માની લીધો છે એને પોતે સદાય પરમાત્મા છે એમ બેસવું કઠણ પડે છે, તેણે પોતાને સાધારણ પ્રાણી માની લીધો છે. ૧૨૮.

✻ અરે ભાઈ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે? આવું પરમાત્મપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઊછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ. ૧૨૯.

✻ જ્ઞાનની દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન જણાય છે, છતાં તેને તું કેમ જાણતો નથી. અરેરે !! જ્ઞાનની દશામાં ભગવાન જણાવા છતાં અનાદિથી વિકલ્પને તાબે થઈને રહ્યો હોવાથી ભગવાન જણાતો નથી. જ્ઞાનરૂપી અરીસાની સ્વચ્છતામાં ભગવાન આત્મા જણાવા છતાં પોતાને ખબર કેમ પડતી નથી?—કે રાગના વિકલ્પને વશ થયો હોવાથી તેની નજરમાં રાગ આવે છે તેથી ભગવાન જણાવા છતાં જણાતો નથી. અજ્ઞાની અનાદિથી દયા-દાન આદિ વિકલ્પને તાબે થઈ ગયો હોવાથી જ્ઞાનની વર્તમાન દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જણાય છે તોપણ તેને જણાતો નથી. ૧૩૧.

✻ અનાદિથી જે મોહની સેના છે તેને કઈ રીતે જીતવી? તેને જીતવાનો ઉપાય શું?—એ ઉપાય આચાર્ય મહારાજ અહીં બતાવે છે. જેણે ત્રણકાળ ત્રણ લોકને એક સમયમાત્રમાં જાણી લીધા છે એવા અર્હંતદેવના દ્રવ્યને, ગુણને ને પર્યાયને પ્રથમ ખરેખર જાણવા. ખરેખર એટલે?—કે તેમને જાણીને પોતે પણ તેમના જેવો છે એમ મેળવણી કરવા માટે સ્વના લક્ષે અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવા. ૧૩૨.

૩૬

આત્મધર્મ
ઓગસ્ટ-૨૦૧૫
અંક-૧૨ ✻ વર્ષ-૯

Posted at Songadh PO
Publish on 1-08-2015
Posted on 1-08-2015

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## સમજવા જેવી વાત

આ આત્મસ્વભાવની વાત ઝીણી પડે તો વધુ ધ્યાન રાખીને સમજવા જેવી છે. આત્મા સૂક્ષ્મ છે તો તેની વાત પણ સૂક્ષ્મ હોય. જીવે એક સ્વની સમજણ વિના બીજું બધું અનંતવાર કર્યું છે. આત્માની પરમ સત્ય વાત કોઈક જગ્યાએ જ સાંભળવા મળે છે. કોઈ નોવેલો વાંચે છે, કોઈ ધર્મ સાંભળવા જાય ત્યાં ઓઠાં–વાર્તા સંભળાવે છે, બાહ્ય પ્રવૃત્તિ બતાવે છે, એ રીતે બાહ્ય ક્રિયાથી સંતોષ મનાવી ધર્મનું સ્વરૂપ ભાજી મૂળા જેવું સોંઘુ બનાવી દીધું છે. આત્મસ્વભાવની જે વાત અનંતકાળમાં ન સમજાણી તે વાત સમજવા માટે તુલનાત્મક બુદ્ધિ હોવી જોઈએ. લૌકિક વાત અને લોકોત્તર ધર્મની વાત તદ્દન જુદી હોય છે. ઝટ ન સમજાય તેથી ના ન પાડશો. જે પોતાનું સ્વરૂપ છે તે ન સમજાય એવું અઘરું હોય જ નહિ. રુચિથી અભ્યાસ કરે તો દરેક જીવ પોતાનું આત્મસ્વરૂપ સમજી શકે છે. માત્ર સત્ સમજવાનો પ્રેમ જોઈએ.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org